**આજનો સુવિચાર**

સાચું બોલવાનો એક ફાયદો એ છે કે, આપણે શું બોલેલા તે યાદ રાખવું પડતું નથી

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૨૫ જૂનાગઢ તા.૧૧-૯-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 225, Junagadh : Date : 11 September, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# યુનોએ પણ સમય સાથે બદલાવવું પડશે : વડાપ્રધાન મોદી



(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૧૧

ભારતના સૌથી મોટા ડિપ્લોમેટીક સમારોહના અંત સાથે જ વૈશ્વીક મંચ પર હવે ભારતનું સ્થાન દુનિયાની મહાશક્તિઓમાં સામેલ થવા જઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ૨૦૧૯ બાદ જે રીતે ભારતની રાજદ્વારી નીતિને એક નવી ઉંચાઈએ લઈ જવા માટેનો પુરુષાર્થ શરૂ થયો તે હવે એક ટર્નીંગ પોઈન્ટ પર પહોંચી ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે G-20ના તેમના અધ્યક્ષ સ્થાનના અંતિમ સંબોધનમાં હવે વિશ્વ વ્યવસ્થા બદલાઈ રહી છે અને તેની સાથે ફક્ત દુનિયાના દેશોએ જ નહી પણ યુનો - સંયુક્ત રાષ્ટ્રસંઘે પણ બદલવું પડશે

તે સ્પષ્ટ સંદેશ આપીને આગામી સમયમાં ભારતને રાષ્ટ્રસંઘની સલામતી સમીતીમાં કાયમી સભ્યપદ માટે દાવો મજબૂત કર્યો હતો. નરેન્દ્ર મોદીએ કહ્યું કે વિશ્વને બહેતર ભવિષ્યમાં લઈ જવા માટે એ જરૂરી છે કે દુનિયાની વ્યવસ્થામાં પણ તે મુજબ બદલાવી જોઈએ. વડાપ્રધાન મોદીએ આ સંમેલનમાં 'એક ભવિષ્ય' સત્રને સંબોધનમાં અનેક મહત્વપૂર્ણ મુદાઓને આવરી લીધા હતા. વડાપ્રધાન મોદીએ કહ્યું કે એ કુદરતી સિદ્ધાંત છે કે જે વ્યક્તિ સમાજ કે પછી દેશ અથવા આ મંચને અસરકર્તા ગણીએ તો પુરી દુનિયા જો સમય મુજબ ખુદનામાં સુધાર ના લાવે તો તે તેનું વજૂદ (અસ્તિત્વ) ખોઈ બેસે છે. તેમનો ઈશારો સીધો સંયુક્ત રાષ્ટ્રસંઘ તરફ હતો જયાં બીજા વિશ્વયુદ્ધ બાદ વિશ્વની તે સમયની મહાસતાઓનું વર્ચસ્વ કાયમ રહ્યું છે.

વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ કહ્યું કે વૈશ્વીક સંસ્થાઓએ તેની આવશ્યકતા બનાવી રાખવા માટે તેમાં સુધારા જરૂરી છે અને તેથીજ આફ્રિકન યુનિયન જે 'એ-યુ' તરીકે ઓળખાય છે તેના ૫૪ દેશોને G-20માં સામેલ કરવા નિર્ણય લીધો છે. મોદીએ સમગ્ર વૈશ્વીક ઢાંચા જ બદલવાની જરૂરિયાત દર્શાવી હતી. મોદીએ વિશ્વમાં સતત ચર્ચા અને વિવાદ બન્ને તથા એક સમાંતર ચલણ તરીકે પણ મજબૂત બની રહેલા ક્રિપ્ટોકરન્સી મુદો પણ ઉઠાવ્યો હતો અને તેનાથી વિશ્વના ચલણો જ નહી. અર્થતંત્ર સામે પડકાર સર્જાઈ શકે છે તો બીજી તરફ ત્રાસવાદ-ગેરકાનુની પ્રવૃતિઓ તથા કાળા-નાણા સહિતના વૈશ્વીક દુષણોને પણ વેગ મળી શકે છે તેથી તેને કોઈ એક દેશની સમસ્યા નહી ગણતા વૈશ્વીક વલણ અપનાવવુ જરૂરી છે

# બાઈડને વડાપ્રધાન મોદી સાથે માનવ અધિકાર અને મિડીયાની સ્વતંત્રતા મુદે ચર્ચા કરી



નવી દિલ્હી તા. ૧૧ : અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને G-20 સમિટ બાદ વિયેતનામ પહોંચી ગયા છે. તેમની પ્રથમ ભારત મુલાકાત દરમિયાન, તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ ખાસ વાતચીત કરી હતી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા આયોજિત રાત્રિભોજનનો પણ ભાગ હતો. હવે વિયેતનામ પહોંચ્યા બાદ જો બાઈડને મીડિયા સાથે વાત કરતા ખુલાસો કર્યો છે કે વડાપ્રધાન મોદીએ તેમની સાથે જે મુદ્દાઓ પર ચર્ચા કરી તેમાં માનવ અધિકાર અને મીડિયાની સ્વતંત્રતાનો સમાવેશ થાય છે. બાઈડને કહ્યું કે અમે ભારત-અમેરિકા સંબંધોને મજબૂત કરવાની દિશામાં પગલાં ભર્યા છે.

રાજધાની દિલ્હીમાં આયોજિત G-20 સમિટ દરમિયાન એવી અટકળો હતી કે અમેરિકાની જેમ અહીં પણ પીએમ મોદી અને જો બિડેન પ્રેસ સાથે સંયુક્ત વાતચીત કરશે પરંતુ એવું થયું નહીં. ધ ટેલિગ્રાફ અનુસાર, જો બાઈડને વિયેતનામની મુલાકાત દરમિયાન મીડિયા સાથે વાત કરી અને કહ્યું, 'હું ફરી એકવાર G-20ની મેજબાની માટે વડાપ્રધાન મોદીઅને યુએસ નેતૃત્વનો આભાર માનવા માંગુ છું.' તેમણે અને મેં ચર્ચા કરી છે કે અમે ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેની ભાગીદારીને કેવી રીતે મજબૂત કરવાનું ચાલુ રાખીશું. જો બિડેને વધુમાં જણાવ્યું હતું કે, 'હું હંમેશા કરૂં છું તેમ, મેં પીએમ મોદી સાથે માનવાધિકાર અને નાગરિક સમાજની મહત્વપૂર્ણ ભૂમિકા અને એક મજબૂત અને સમૃદ્ધ દેશના નિર્માણમાં મુક્તપ્રેસના આદરના મહત્વ વિશે વાત કરી છે.'

પ્રેસ કોન્ફરન્સમાં પ્રશ્નોના જવાબ આપતા રાષ્ટ્રપતિ બાઈડને કહ્યુંકે તેમનું મિશન વિયેતનામ અને અન્ય એશિયાઈ દેશો સાથે અમેરિકાના સંબંધો બનાવીને વિશ્વભરમાં વધુ સારૂં વાતાવરણ બનાવવાનું છે, જે સ્થિરતા અને વિકાસ માટે નવા રસ્તાઓ ખોલીશકે છે. ચીન વિશે જો બાઈડને કહ્યું, 'અમે આ ચીનને કાબૂમાં રાખવા માટે નથી કરી રહ્યા, આ સ્થિરતા લાવવા માટે છે.' બાઈડને એમ પણ કહ્યું હતું કે તેઓ નવી દિલ્હીમાં G-20ની બાજુમાં ચીનના વડા પ્રધાન લી કવિઆંગને મળ્યા હતા અને ઘણા મહત્વપૂર્ણ મુદાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

# વડાપ્રધાન મોદી - સાઉદીનાં ક્રાઉન પ્રિન્સ વચ્ચે દ્વિપક્ષી મંત્રણા યોજાઈ



(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૧

G-20 સમિટના સફળ આયોજન બાદ હવે તમામની નજર વડાપ્રધાન નરેન્દ્રમોદી અને સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અત્રે યોજાય રહેલી દ્વિપક્ષીય મંત્રણા પર છે. આ સંવાદમાં બંને દેશો વેપારની સાથે વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવાની દિશામાં નક્કર પહેલ કરશે. પશ્ચિમ એશિયાથી પર્સિયન ગલ્ફ સુધી સાઉદીનો વ્યાપક પ્રભાવ હોવાથી બંને દેશોની નિકટતા પાકિસ્તાનની સાથે ચીનની ચિંતામાં વધારો કરશે.

ઉલ્લેખનીય છે કે સમિટમાં ભાગ લેવા આવેલા વિવિધ દેશોના સરકારના વડાઓ રવિવારે સ્વદેશ પરત ફર્યા હતા. જોકે, આ દ્વિપક્ષીય વાટાઘાટો માટે કોન્ફરન્સમાં હાજરી આપવા આવેલા ક્રાઉન પ્રિન્સનો રાજય પ્રવાસ સોમવાર સુધી ચાલુ રહેશે. યજમાન તરીકે ભારતે સાઉદી અરેબિયાને વિશેષ અતિથિ તરીકે આમંત્રણ આપ્યું હતું.

સાઉદી અરેબિયા શષાો અને સુરક્ષા માટે અમેરિકા પર નિર્ભર છે. તાજેતરમાં ચીન તરફ પણ તેનીરુચિ વધી ગઈ હતી. સાઉદી અરબ આ મામલે ચીન અને અમેરિકાપર તેની નિર્ભરતા ઘટાડવા માંગે છે. ભારત આ સ્થિતિનો ફાયદો ઉઠાવવાની યોજના ધરાવે છે. આ સિવાય ભારતની નજર રોકાણ પર પણ છે. તાજેતરના સમયમાં બંને દેશો વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસો થયા છે. બંને દેશોના સેના પ્રમુખો એકબીજાની મુલાકાત લઈ ચૂક્યા છે. સાઉદીમાં ભારતના લગભગ ૧૫ લાખ લોકો રહેતા હોવાથી બંને દેશો વચ્ચે ખાસ સંબંધ બંધાયો છે.

વાસ્તવમાં પાકિસ્તાન ઈસ્લામિક દેશના નામે લાંબા સમયથી સાઉદી અરેબિયા સાથે ગાઢ સંબંધો જાળવી રહ્યું છે, જયારે ચીને તાજેતરમાં જ તેને તેના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ સાથે જોડ્યું હતું.

દરમિયાન, G-20 ની બાજુમાં યોજાયેલી મંત્રણામાં, સાઉદી અરેબિયાએ આ પ્રોજેક્ટનો જવાબ આપવા માટે IMEC પ્રોજેક્ટ માટે સંમતિ દર્શાવી હતી. હકીકતમાં, સાઉદી અરેબિયા નવા વૈશ્વિક સંજોગોમાં પોતાની વ્યૂહાત્મક અને રાજદ્વારી તાકાત વધારવા માંગે છે.

# નરેન્દ્ર મોદીનાં નેતૃત્વ પર વૈશ્વિક નેતાઓ ઓળઘોળ થઈ ગયા

નવી દિલ્હી તા. ૧૧ :

વડાપ્રધાન મોદીની આગેવાનીમાં ભારતે ખૂબ જ સફળતાપૂર્વક જી-૨૦ શિખર સંમેલન પૂરૂ કર્યું છે. આ પ્રસંગે G-20 ના મહેમાનોએ ખૂબ જ મોકળા મને ભારત અને પીએમ મોદીના વખાણ કર્યા છે. વિશ્વના નેતાઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્ણાયક નેતૃત્વ અને વૈશ્વિક દક્ષિણનો અવાજ ઉઠાવવા બદલ પ્રશંસા કરી હતી.

બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનકે કહ્યું હતું કે ભારતના નેતૃત્વમાં અમે જોયું છે કે આપણે એક સાથે આવી શકીએ છીએ, એવા સમયે જયારે તે ખરેખર મહત્વનું છે. જયારે તમે 'ભારત મંડપમ'ની આસપાસ ફરો છોઅને તેમાં ડિસ્પ્લે જુઓ છો, ત્યારે અમને ખબર પડે છે કે પીએમ મોદી, ડિજિટલ પહેલ અને ટેકનોલોજી શું કરી શકે છે તેના દ્વારા, આપણા દેશોના દૂરના ખૂણામાં પણ લોકોને સેવાઓ પહોંચાડી શકાય છે.

જાપાનના પ્રધાનમંત્રી ફુમિયો કિશિદાએ G-20નું નેતૃત્વ કરવા માટે પ્રધાનમંત્રી મોદીની પ્રશંસા કરી હતી, જયારે રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે ભારતના રાષ્ટ્રપતિ પદ હેઠળ શિલાન્યાસના આધાર પર G-20 સહયોગને મજબૂત કરવાની અપીલ કરી હતી. તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગાને વડાપ્રધાન મોદીનો આતિથ્ય સત્કાર બદલ આભાર માન્યો હતો અને આશા વ્યક્ત કરીહતી કે આ સમિટ વિશ્વ માટે આશીર્વાદરૂપ બની રહેશે. બાંગ્લાદેશના વડા પ્રધાન શેખ હસીનાએ વડા પ્રધાન મોદીને સમિટમાં આમંત્રણ આપવા અને 'વૈશ્વિક દક્ષિણનો અવાજ ઉઠાવવા' બદલ આભાર માન્યો. 'વસુધૈવ કુટુમ્બકમ'ની G-20 થીમની પ્રશંસા કરતાં તેમણે કહ્યું હતું કે, તે તમામ જીવનનાં મૂલ્યો અને ઉજ્જ્વળ ભવિષ્ય માટે સાથે મળીને કામ કરવાનું મહત્ત્વ જાળવે છે. કોમોરોસ એસોસિએશનના પ્રમુખ અને આફ્રિકન યુનિયનના પ્રમુખ અઝાલી અસૌમાનીએ પણ તેમની ઉમેદવારીને ટેકો આપવા બદલ ભારતનો આભાર માન્યો હતો. દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાએ G-20માં આફ્રિકન યુનિયનને પ્રવેશ અપાવવામાં ભારતની ભૂમિકા બદલ ભારતની પ્રશંસા કરી હતી, જયારે ડચના વડા પ્રધાન માર્કરૂટે ગ્લોબલસાઉથને આ જૂથના કેન્દ્રમાં રાખવા બદલ ભારતીય રાષ્ટ્રપતિનો આભાર માન્યો હતો.

# તા. ૧૫-૧૬ સપ્ટેમ્બરથી ગુજરાતમાં વરસાદી ગતિવીધિ થવાની આગાહી

અમદાવાદ તા. ૧૧

સૌરાષ્ટ્ર ગુજરાત સહિત દેશના મોટા ભાગના વિસ્તારોમાં ચોમાસાના નવા રાઉન્ડમાં લાંબો બ્રેક સર્જાયા બાદ ગત સપ્તાહમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં છુટોછવાયો વરસાદ વરસ્યો હતો. પરંતુ સૌરાષ્ટ્ર મોટાભાગે કોરૂ જ રહ્યું હતુંહવે ચાલુ સપ્તાહે ફરી વરસાદની ગતિવિધિ શરૂ થવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે.

તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે, છેલ્લી આગાહી પ્રમાણે ગુજરાત રીજીયનના કેટલાક ભાગોમાં હળવો મધ્યમ ભારે વરસાદ પડયો હતો. ૬ થી ૯ સપ્ટેમ્બરના ચાર દિવસ દરમ્યાન દક્ષિણ ગુજરાતમાં સરેરાશ ૧૦૩ મીમી, મધ્ય ગુજરાતમાં ૩૮ મીમી તથા ઉતર ગુજરાતમાં ૨૩ મીમી વરસાદ થયો હતો. સૌરાષ્ટ્રમાં અમુક જ ભાગમાં સામાન્ય વરસાદ નોંધાયો હતો અને સરેરાશ ૪ મીમી પાણી પડયું હતું. કચ્છ ઝોન સંપૂર્ણ કોરો જ રહ્યો હતો.

અશોકભાઈ પટેલે જણાવ્યું હતું કે વરસાદી પરિબળો હજુ યોગ્ય રીતે પ્રસ્થાપિત થઈ શક્યા નથી. તા. ૧૫ સપ્ટેમ્બર સુધી આગાહી કરતા તેઓએ જણાવ્યું હતું કે એકાદ બે દિવસ સૌરાષ્ટ્રમાં છુટાછવાયા ઝાપટા પડવાની શકયતા છે. અપેક્ષીત પરિબળો હજુ પ્રસ્થાપિત થઈ શકયા નથી અને ધારણા કરતા તેમાં ૪ થી ૫ દિવસનું મોડુ થયું છે. તેમ છતાં આગામી ૧૫-૧૬ સપ્ટેમ્બરથી ગુજરાતમાં ફરી વરસાદની ગતિવિધિ શરૂ થવાની શક્યતા છે.

# કર્ણાટક, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્રમાં આજે બંધનું એલાન

નવી દિલ્હી તા. ૧૧ : દેશના ત્રાણ રાજયોમાં બંધનું એલાન આપવામાં આવ્યું છે. જેમાં મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં મરાઠા સંગઠને બંધનું એલાન આપ્યું છે. બીજી તરફ આંધ્રપ્રદેશમાં ટીડીપીએ પાર્ટીના પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુની ધરપકડના વિરોધમાં બંધનું એલાન આપ્યું છે. જયારે કર્ણાટકમાં ફેડરેશન ઓફ કર્ણાટક સ્ટેટ પ્રાઈવેટ ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું છે, જે અંતર્ગત આજે લાખો વાહનો રસ્તા પર જોવા નહીં મળે. એસોસિએશન દ્વારા જાહેર કરાયેલા 'બંધ'ને ધ્યાનમાં રાખીને લગભગ ઓટો-ટ્રાન્સપોર્ટ એસો. રિક્ષા, ટેક્સી, મેક્સી કેબ અને બસ. આજે બેંગલુરૂમાં નવ લાખ ખાનગી કોમર્શિયલ વાહનો રસ્તાઓથી દૂર રહ્યા છે.

આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુની કૌશલ્ય વિકાસ નિગમ કૌભાંડના સંબંધમાં ક્રિમિનલ ઈન્વેસ્ટીગેશન ડિપાર્ટમેન્ટ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) એ કહ્યું કે સીઆઈડીએ નંદ્યાલમાં નાયડુની ધરપકડ કરી છે. નાયડુને વિજયવાડા એસીબી કોર્ટે ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા છે. TDP વડાની નજરકેદની માંગણી કરતી અરજી પર કોર્ટે પોતાનો આદેશ અનામત રાખ્યો હતો.

ચંદ્રાબાબુ નાયડુની પાર્ટીએ સોમવારે આંધ્રપ્રદેશમાં બંધનું એલાન આપ્યું છે. ટીડીપીના વડા એન ચંદ્રબાબુ નાયડુ ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલાયા બાદ આજે વહેલી સવારે સેન્ટ્રલ જેલ પહોંચ્યા હતા.

પરિવહન વિભાગ દ્વારા ઓગસ્ટના અંતની સમયમર્યાદામાં ટ્રાન્સપોર્ટ યુનિયનની ૨૮ માંગણીઓ નહી સંતોષવા બદલ હડતાળનું એલાન કરવામાં આવ્યું છે.

# રામમંદિરનાં ઉદ્‌ઘાટન સમયે ગોધરાકાંડ જેવી ઘટના બનવાની ઉધ્ધવ ઠાકરેએ ભીતિ વ્યકત કરી

જલગાંવ તા. ૧૧ : શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ અયોધ્યામાં રામ મંદિરના ઉદ્‌ઘાટનને લઈને મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે અયોધ્યામાં રામ મંદિરના ઉદઘાટન સમયે દેશભરમાંથી મોટી સંખ્યામાં લોકોને એકત્ર કરવાની તૈયારી કરવામાં આવી રહી છે. પરંતુ આ કાર્યક્રમમાં હાજરી આપી પરત ફરી રહેલા લોકો સાથે ગોધરાની ઘટના જેવી ઘટના બની શકે છે. શિવસેનાના નેતા ઉદ્ધવ ઠાકરેએ ફરી એકવાર ભાજપ-આરએસએસ પર જોરદાર પ્રહારો કર્યા છે. મહારાષ્ટ્રના જલગાંવમાં ઉધ્ધવ ઠાકરે કહ્યું છે કે ૨૦૨૪માં ચૂંટણી પહેલા જાન્યુઆરીમાં રામ મંદિરનું ઉદ્‌ઘાટન થવા જઈ રહ્યું છે. ઉદ્ધવ ઠાકરેએ દાવો કર્યો છે કે, આ સમયગાળા દરમિયાન ભારતીય જનતા પાર્ટી ફરી એકવાર મોટો કાંડને આકાર આપી શકે છે.

જલગાંવમાં બોલતા, ઉદ્ધવ ઠાકરેએ દાવો કર્યો હતો કે એવી સંભાવના છે કે સરકાર રામમંદિરના ઉદ્‌ઘાટન માટે લોકોને આમંત્રિત કરવા માટે બસો અને ટ્રકની વ્યવસ્થા કરી શકે છે. પરંતુ પરત ફરતી વખતે ગોધરાની ઘટના જેવો માહોલ સર્જાઈ શકે છે.

# યુપીમાં ભારે વરસાદ : લખનૌમાં મેઘતાંડવ

લખનૌ તા. ૧૧ : ચોમાસાના લાંબા બ્રેક બાદ ઉત્તારપ્રદેશ જેવા અમુક રાજયોમાં ભારે વરસાદ વચ્ચે મેઘતાંડવની હાલત સર્જાઈ છે. લખનૌમાં સ્કુલ-કોલેજો બંધ કરવા સાથે મોટાપાયે સ્થળાંતર કરાવવામાં આવ્યું છે. દેશના ૧૬ રાજયોમાં વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ઉતરપ્રદેશના અર્ધોડઝનથી વધુ જીલ્લાઓમાં ભારે વરસાદનો કહેર રહ્યો છે. લખનૌમાં ઠેકઠેકાણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે.




**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટે છે તેની મની બેકગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફક્ત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાય છે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત


વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત.. ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા + યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ
૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૩૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# ખંભાળિયા શહેરને રૂા.૧૧૫૨ લાખના વિવિધ વિકાસના કામોની ભેટ




## કેબિનેટ મંત્રી મૂળુભાઈ બેરા અને સાંસદ પૂનમબેન માડમની ઉપસ્થિતિમાં ખંભાળિયા શહેરના ૧૧૫૨ લાખના વિકાસ કામોનું ઈ- લોકાર્પણ-ભૂમિપૂજન કરાયું

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૧

ખંભાળિયાના ટાઉનહોલ ખાતે ગુજરાત રાજયના વન-પ્રવાસન વિભાગના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા અને સાંસદ પૂનમબેન માડમની ગરીમામાય ઉપસ્થિતિ માં વિવિધ વિકાસના કામોનો ઈ-લોકાર્પણ અને ભૂમિપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂવાત મહાનુભાવો દ્વારા દીપપ્રગ્યત કરીને કરવામાં કરવામાં આવ્યો હતો. જયારે પ્રસંગોચિત ઉદબોધન નગરપાલિકાના ચીફ ઓફિસર અને ખંભાળિયા નગરપાલિકા પ્રમુખ ભાવનાબેન પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. નગરપાલિકા પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ લોકોને સંબોધતા જણાવ્યું હતું કે, શહેરમાં ભવિષ્યની જરૂરીયાતોને ધ્યાને લઈને રાજ્ય સરકારે વિકાસ કામો શરૂ કર્યા છે. નાગરિકોને પૂરતી સુવિધા મળી રહે તે માટે આયોજનબદ્ધ વિકાસની દિશામાં રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં અનેક પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. રાજ્યના શહેરી વિસ્તારોમાં ગરીબ અને જરૂરિયાતમંદ કુટુંબોને પાયાની સુવિધાઓ પાણી, રસ્તા, શિક્ષણ, આરોગ્ય, આવાસો અને સ્વચ્છતા જેવી અનેક આંતરમાળખાકીય સવલતો ગુજરાતના શહેરો સુધી પહોંચાડવાની વિશેષ કાળજી લેવાઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતના વિકાસ માટે રાજય સરકાર કાર્યરત છે. ગુજરાતમાં ડબલ એન્જિનની સરકારનો નાગરિકો લાભ મળી રહ્યો છે. રાજય અને કેન્દ્રની યોજનાઓના લાભો મળી રહ્યા છે. સાંસદ પૂનમબેન માડમે આ તકે જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગરીબ, વંચિત, પીડિતોના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના વિકાસ છેક છેવાડાના ગામો અને લોકો સુધી વિસ્તર્યો છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, ગુજરાત દેશમાં વિકાસનું રોલમોડેલ બન્યું છે તેના મૂળમાં વડાપ્રધાનએ નાંખેલો મજબૂત પાયો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિથી નાનામાં નાના માનવી સુધી વિકાસના ફળ પહોંચ્યા છે. જાહેર સરકારી અસ્ક્યામતોને પોતીકી ગણીને તેની તેની સાચવણીનું દાયિત્વ આપણે નિભાવવું જોઈએ તેમ જણાવી ખંભાળિયાના લોકાર્પિત અને ભૂમિ પૂજન કરાયેલા કાર્યોથી નાગરિકોની સુખ સુવિધામાં વધારો થશે તેમ જણાવ્યું હતું. ખંભાળિયા શહેરના લોકો માટે અંદાજીત રૂા.૫૬૬.૧૮ લાખના વિકાસ કામોનું ઈ-લોકાર્પણ મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ રૂા.૫૮૬ લાખના કામોનું ઈ-ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સદસ્યો સંજયભાઈ નકુમ, જીતેન્દ્રભાઈ કંણજારિયા, પ્રતાપભાઈ પિંડારીયા, ખંભાળિયા તાલુકા પંચાયત પ્રમુખ રામદેભાઈ કરમુર, આગેવાન હરિભાઈ નકુમ, સંગઠનના આગેવાનો અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કેશોદના બાયપાસ નજીક ગમખ્વાર અકસ્માતમાં બાઈકચાલકનું મોત નિપજ્યું



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૧

કેશોદના રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર બાઈકચાલક પિતા પુત્રને ફોરવ્હીલ કાર ચાલકે પુરપાટ ઝડપે આવી હડફેટે લેતાં આકસ્મિક ઘટનામાં કેશોદમાં આર્યુવેદિક ડોક્ટર તીનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. કેશોદના ડો. ઉમેશભાઈ પ્રભાશંકર ભટ્ટ પોતાના પુત્ર રોહિત ઉમેશભાઈ ભટ્ટ સાથે મોટરસાયકલ રજીસ્ટ્રેશન નંબર જીજે-૧૧-એક્યુ-૨૨૭૫ લઈને અગતરાય રોડ ઉપર જઈ રહ્યા હતા ત્યારે સોમનાથ હોટલ પાસે રસ્તો ઓળંગવા ઈન્ડીકેટર ચાલું કરી વળાંક લેતાં વેરાવળ તરફથી આવી રહેલી ફોર વ્હીલ કાર હુન્ડાઈ કંપનીની એસેન્ટ ફોરવ્હીલ કાર રજીસ્ટ્રેશનનંબર જીજે -૦૩-જેઆર-૬૮૯૩નાં ચાલકે ટક્કર મારતાં બાઈકચાલક ડો. ઉમેશભાઈ ભટ્ટ ફંગોળાઈ જતાં ઈજાગ્રસ્ત થયા હતા અને પુત્ર રોહિત પણ ઈજાગ્રસ્ત થયા હતા. ૧૦૮ તાત્કાલિક એમ્બ્યુલન્સ સેવા મારફતે કેશોદ સબ ડિસ્ટ્રીકટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારે ગંભીર ઈજાગ્રસ્ત ડો.ઉમેશભાઈ ભટ્ટને જૂનાગઢ રીફર કરવામાં આવતાં માર્ગમાં મોત નિપજ્યું હતું. કેશોદ શહેરમાં વિવિધ સામાજિક સંસ્થાઓ અને સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલા ડો. ઉમેશભાઈ ભટ્ટનું આકસ્મિક ઘટનામાં મોત નીપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. કેશોદ પોલીસ દ્વારા ઈજાગ્રસ્ત પુત્ર રોહિતનું નિવેદન નોંધી ફોર વ્હીલ કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળી દ્વારા પાંચ નિવત પ્રાધ્યાપકોનં થનાર ગરિમાપૂર્ણ સન્માન



પ્રો.ગિરિશભાઈ ભીમાણી સમારોહ અધ્યક્ષ | શ્રી દિલીપભાઈ સંઘાણી મુખ્ય મહેમાન | ડો. હરીશભાઈ રૂપારેલિયા અતિથિ વિશેષ

## કુલપતિ પ્રો. ગિરિશભાઈ ભીમાણી, ઈફકોના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી અને કુલસચિવ ડો. હરિશ રૂપારેલિયાની પ્રેરક ઉપસ્થિતિ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૧

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ગીરીશભાઈ ભીમાણીના અધ્યક્ષસ્થાને યોજાનારી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળીની પાંત્રીસમી વાર્ષિક સાધારણ સભા બુધવાર, તા.૧૩-૯-૨૦૨૩ના રોજ મળશે. આ પ્રસંગે ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી મુખ્ય મેહમાન પદે તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવનિયુક્ત કુલસચીવ ડો. હરીશભાઈ રૂપારેલીયાની અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી દ્વારા તાજેતરમાં નિવૃત થયેલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ, એચ.પી. જોષી, ભૌતિક શાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રો. હિરેનભાઈ જોષી, ઈતિહાસ ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રો. અનસુયાબેન ચોથાણી, બાયોસાયન્સ ભવનના પ્રો. વૃન્દાબેન ઠાકર તથા સમાજકાર્ય ભવનના પૂર્વ અધ્યક્ષ રમેશભાઈ વાઘાણીનો ગરિમાપૂર્ણ અભિવાદન સમારોહ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ગિરિશભાઈ ભીમાણીના અધ્યક્ષસ્થાને તા.૧૩-૯-૨૦૨૩ ને બુધવારના રોજ સાંજે ૪ કલાકે આંકડાશાસ્ત્ર ભવનના સેમીનાર હોલમાં યોજાશે.

આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે ઈફકોના ચેરમેન માનનીય દિલીપભાઈ સંઘાણી તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલસચિવ ડો. હરીશ રૂપારેલીયા અતિથી વિશેષ તરીકે હાજર રહેશે. બુધવાર, તા.૧૩-૯-૨૦૨૩ના રોજ યોજાનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની પાંત્રીસમી વાર્ષિક સાધારણ સભા, સાથોસાથ વય મર્યાદાને કારણે નિવૃત થનાર અધ્યાપકોના અભિવાદન સમારોહને સફળ બનાવવા માટે અધ્યાપકોની સહકારી મંડળીના પ્રમુખ પ્રો.જયદીપસિંહ ડોડીયા, ઉપપ્રમુખ પ્રો. જે. એ. ભાલોડિયા, મંત્રી પ્રો. વી.જે. કનેરીયા, સહમંત્રી ડો.યોગેશ જોગસણ, ખજાનચી ડો. રંજનબેન ખૂંટ, કારોબારી સભ્યો - પ્રો. સંજય ભાયાણી, પ્રો.આર. બી. ઝાલા, પ્રો.અતુલભાઈ ગોસાઈ, પ્રો.નિકેશશાહ, ડો. રેખાબા જાડેજા, ડો. મનીષ શાહ, ડો.અશ્વિનભાઈ સોલંકી અને ડો.ભરતભાઈ ખેર જહેમત ઉઠાવી રહ્યા છે.

# કેશોદમાં ગણેશોત્સવને ઉજવવા તડામાર તૈયારી



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૧

કેશોદ શહેરમાં દર વર્ષે ગણેશોત્સવ ધામધૂમથી જુદાં જુદાં વિસ્તારમાં વિવિધ મંડળો દ્વારા ઉજવવામાં આવે છે. આગામી તારીખ ૧૯-૯-૨૦૨૩થી તારીખ ૨૮-૯-૨૦૨૩ સુધી યોજાનાર ગણેશોત્સવ માટે કેશોદના માંગરોળ રોડ ઉપર વિવિધ પ્રકારની કલાત્મક આકર્ષક જુદા જુદા સ્વરૂપમાં ગજાનન ગણપતિ દાદાની મૂર્તિઓ કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવી છે. કેશોદ શહેર ઉપરાંત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ગણેશોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે. કેશોદના વિવિધ વિસ્તારોમાં ગણેશ ચતુર્થીના દિવસે વાજતેગાજતે શુભ મુહૂર્તમાં રિધ્ધિ સિધ્ધિનાં દાતા ગણપતિ દાદાની મૂર્તિઓ લઈ જઈ દશ દિવસ આનંદચૌદસ સુધી શાસ્ત્રોક્ત વિધિ સાથે સ્થાપના કરી દરરોજ મહાઆરતી ઉપરાંત ધાર્મીક સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે અને હર્ષોલ્લાસ સાથે ગણેશોત્સવ ઉજવવામાં આવે છે. કેશોદના જુદા જુદા વિસ્તારોમાં ગણેશોત્સવની ઉજવણી કરવા માટે વિવિધ મંડળો દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. તારીખ ૧૯ મી સપ્ટેમ્બરે શરૂ થતાં ગણેશોત્સવમાં શહેરના ભાવિકો ભક્તોને તન, મન, ધનથી સહકાર આપવા રાજુભાઈ પંડ્યા પ્રમુખ કેશોદ, ગણેશોત્સવ સમિતિ જયભાઈ વીરાણી, મંત્રી કેશોદ ગણેશોત્સવ સમિતિ દ્વારા અપીલ કરવામાં આવી છે. કેશોદના કૃષ્ણનગર સોસાયટી, ડીપી રોડ, પોલીસ લાઈન સામે, પીપલીયા નગર, આલાપ કોલોની, વનરાજ નગર, દવે શેરી, સરદારનગર સોસાયટી, વાછડા દાદા મંદિર, ઈંદિરા નગર, ગંગનાથપરા, જોલી પાર્ક, કૃષ્ણ મીલ કંપાઉન્ડ, આંબાવાડી વિસ્તારમાં વિવિધ મંડળો દ્વારા ગણેશોત્સવ ઉજવવા તૈયારીઓ પુરજોશમાં શરૂ કરી છે.

## દ્વારકાધીશને સુવર્ણ મુગટ અર્પણ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૧

ભગવાન શ્રી દ્વારકાધીશને જન્માષ્ટમીના પવિત્ર દિવસે શ્રી દ્વારકાધીશજીના પરમ ભક્ત પ્રજાપતિ શ્રી પરબતભાઈ ભાણાભાઈ કોરડિયા પરીવાર મુ. ભંગેરા હાલે. પાલનપુર દ્વારા શ્રીજીને હિરાજડીત સુવર્ણ મુગટ અંદાજે ૨૧૦ ગ્રામ સોનું અર્પણ કરવામાં આવ્યો હતો.

# આરઆર કાબેલ લિમિટેડનો આઈપીઓ ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ખુલશે




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૧

આરઆર કાબેલ લિમિટેડ(“કંપની”), બુધવાર ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ તેની ઈક્વિટી શેર્સનો આઈપીઓ ખોલશે. આઈપીઓમાં રૂા.૧,૮૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ(“ફ્રેશ ઈશ્યૂ”) અને વેચાણકર્તા શેરધારકોને દ્વારા ૧,૭૨,૩૬,૮૦૮ ઈક્વિટી શેર સુધીના વેચાણ માટેની ઓફર (“ઓફર ફોર સેલ” અને ફ્રેશ ઈશ્યૂ સાથેની “ઓફર”)નો સમાવેશ થાય છે. ઓફરમાં રૂા.૧૦૮ મિલિયન સુધીના ઈક્વિટી શેરનું રિઝર્વેશન પણ સામેલ છે જે ૬ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ મુંબઈ ખાતે રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, મહારાષ્ટ્રમાં ફાઈલ કરવામાં આવેલા રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસમાં (“આરએચપી”) જણાવ્યા મુજબ કંપનીના અમુક પાત્ર કર્મચારીઓને (“એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન”) પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ હશે. એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શનમાં બિડ કરવા પાત્ર કર્મચારીઓને ઈક્વિટી શેર દીઠ રૂ. ૯૮નું ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવે છે. ઓફરમાંથી એમ્પ્લોયી રિઝર્વેશન બાદ કરતાં જે વધે છે તે “નેટ ઓફર” છે. એંકર ઈન્વેસ્ટર બિડિંગની તારીખ મંગળવાર, ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ હશે. ઓફર સબસ્ક્રિપ્શન માટે બુધવારે, ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ખુલશે અને શુક્રવાર, ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ બંધ થશે. ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂ. ૯૮૩થી રૂ. ૧,૦૩૫ પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૧૪ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૧૪ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે. કંપનીએ ફ્રેશ ઈશ્યૂ દ્વારા એકત્ર કરાયેલી આવકને બેંકો અને નાણાંકીય સંસ્થાનો પાસેથી લીધેલા ઋણની સંપૂર્ણપણે અથવા અંશતઃ પુનઃચુકવણી અથવા પૂર્વચુકવણી માટે ઉપયોગ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે જેનું મૂલ્ય લગભગ રૂા.૧,૩૬૦ મિલિયન જેટલું થાય છે. બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ઉપયોગમાં લેવાનો પ્રસ્તાવ છે. વેચાણ માટેની ઓફરમાં મહેન્દ્રકુમાર રામેશ્વરલાલ કાબરા દ્વારા ૭,૫૪,૪૧૭ સુધીના ઈક્વિટી શેર, હેમંત મહેન્દ્રકુમાર કાબરા દ્વારા ૭,૫૪,૪૧૭ સુધીના ઈક્વિટી શેર્સ, સુમિત મહેન્દ્રકુમાર કાબરા દ્વારા ૭,૫૪,૪૧૭ સુધીના ઈક્વિટી શેર્સ, કાબેલ બિલ્ડકોન સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૭,૦૭,૨૦૦ સુધીના ઈક્વિટી શેર્સ, રામ રત્ન વાયર્સ લિમિટેડ દ્વારા ૧૩,૬૪,૪૮૦ સુધીના ઈક્વિટી શેર્સ અને ટીપીજી એશિયા ૭ એસએફ પ્રાઈવેટ લિમિટેડ (“ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર”) દ્વારા ૧,૨૯,૦૧,૮૭૭ સુધીના ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે. ઈક્વિટી શેર્સ આરએચપી દ્વારા ઓફર કરવામાં આવે છે અને બીએસઈ લિમિટેડ (“બીએસઈ”) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (“એનએસઈ”) જેવા માન્યતા પ્રાપ્ત સ્ટોક એક્સચેન્જો (“સ્ટોક એક્સચેન્જ”) ઉપર લિસ્ટિંગ કરવાની દરખાસ્ત છે. ઓફરના હેતુઓ માટે બીએસઈ એ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ છે. આ ઓફર સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રૂલ્સ, ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(બી)ના સંદર્ભે કરવામાં આવી રહી છે, જે સુધારેલા (“સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ”) મુજબ ૨૦૧૮ના સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝર રિક્વારમેન્ટ્સ) નિયમનના નિયમન ૩૧ સાથે વાંચવા પ્રમાણે સુધારેલ છે (“એસસીઆરઆર”). આ ઓફર સેબી આઈસીડીઆર રેગ્યુલેશનના નિયમન ૬(૧) અનુસાર અને બુક બિલ્ડીંગ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી રહી છે, જેમાં નેટ ઓફરનો મહત્તમ ૫૦% વધુ હિસ્સો લાયક સંસ્થાકીય ખરીદદારો (“ક્યુઆઈબી”, અને આ પ્રકારનો ભાગ, “ક્યુઆઈબી ભાગ”)ને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે. અમારી કંપની અને ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર, બુક રનિંગ લીડ મેનેજર્સ સાથે ચર્ચા વિચારણા કરીને, સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ અનુસાર વિવેકાધીન ધોરણે એંકર ઈન્વેસ્ટર્સને (“એંકર ઈન્વેસ્ટર પોર્શન”) ક્યુઆઈબી ભાગના ૬૦% સુધી ફાળવી શકે છે જેમાંથી ઓછામાં ઓછા એક તૃતીયાંશ માત્ર સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડને ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, જે એંકર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઈઝ કે તેથી વધુની કિંમતે રહેશે. એંકર ઈન્વેસ્ટર પોર્શનમાં સબસ્ક્રિપ્શન અથવા બિન-ફાળવણીના કિસ્સામાં, બાકીના ઈક્વિટી શેર નેટ ક્યુઆઈબી પોર્શનમાં ઉમેરવામાં આવશે.


## પશ્ચિમ રેલ્વે દ્વારા વેરાવળ અને બનારસ વચ્ચે સાપ્તાહિક સુપર ફાસ્ટ ટ્રેન શરૂ કરવામાં આવી રહી છે

| ટ્રેન નં. | પ્રારંભિક સ્ટેશન અને પહોંચવાનું સ્થળ | તારખથી અમલમાં | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૧૨૯૪૫ | વેરાવળ - બનારસ | ૧૮.૦૯.૨૦૨૩ | ૦૪.૧૫ કલાક (સોમવાર) | ૧૪.૩૫ કલાક (બીજા દિવસે) |
| ૧૨૯૪૬ | બનારસ - વેરાવળ | ૧૩.૦૯.૨૦૨૩ | ૦૭.૩૦ કલાક (બુધવાર) | ૧૮.૩૫ કલાક (બીજા દિવસે) |

સ્ટોપ : જૂનાગઢ, જેતલસર, વડીયા દેવલી, કુંકાવાવ, ચિતલ, ખીજડીયા, લાઠી, ધોલા જં., બોટાદ, ધંધુકા, સરખેજ, અમદાવાદ, નડીયાદ, આણંદ, છાંયાપુરી, ગોધરા, રતલામ, નાગડા, શામગઢ, કોટા, ગંગાપુર સીટી, આગ્રા ફોર્ટ, ઈટાવાહ, ગોવિંદપુરી અને પ્રયાગરાજ સ્ટેશન બંને દિશામાં

શ્રેણી : એસી પ્રથમવર્ગ, એસી ટુ ટાયર, એસી થ્રી ટાયર, સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચીસ

ઉદ્‌ઘાટન રન : ટ્રેન નં. ૦૨૯૪૫ તા. ૧૧-૦૯-૨૦૨૩નાં રોજ વેરાવળથી ૦૪.૧૫ કલાકે ઉપડશે અને બનારસ ખાતે ૧૪.૩૫ કલાકે (બીજા દિવસે) પહોચશે

થોભવાનાં સ્થળ અને શ્રેણી વગેરેની માહિતી અંગે મુસાફરો www.enquiry.indianeail.gov.in ની વિઝીટ કરી શકે છે

ટ્રેન નં. ૦૨૯૪૫નું જે ઉદ્‌ઘાટન રનનું બુકીંગ શરૂ થઈ ગયું છે. જયારે કે નિયમિત સેવા ટ્રેન નં. ૧૨૯૪૫નું બુકીંગ તા. ૧૩-૦૯-૨૦૨૩થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC ની વેબસાઈટ ઉપર શરૂ થઈ જશે

પશ્ચિમ રેલ્વે
www.wr.indianrailways.gov.in
facebook.com/WesternRly
twitter.com/WesternRly

તમામ આરક્ષીત ટિકીટો માટે ઓરીજીનલ આઈડી પ્રુફ તમારી સાથે રાખો

# તરણેતર ખાતેના અઢારમાં ગ્રામીણ ઓલમ્પિક ૨૦૨૩-૨૪માં કૌવત બતાવવા જૂનાગઢના ખેલાડીઓને તક

**૧૨ થી ૧૬ વર્ષથી નાની વયના શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પોતાની શાળાના આચાર્યના સહી સિક્કા કરાવીને એન્ટ્રી ફોર્મ મોકલી આપવાનું રહેશે**

જૂનાગઢ, તા.૧૧

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના તરણેર ખાતે લોકમેળામાં અઢારમાં ગ્રામીણ ઓલમ્પિક-૨૦૨૩-૨૪નું આયોજન તા.૧૮/૯/૨૦૨૩ થી ૨૧/૯/૨૦૨૩ સુધી કરવામાંઆવ્યુંછે. આઅઢારમાં ગ્રામીણ ઓલમ્પિકમાં જૂનાગઢના ખેલાડીઓ ભાગ લેવા ઈચ્છતા હોય તો જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રનો સંપર્ક કરવા જણાવ્યું છે.

આ ગ્રામીણ ઓલમ્પિકસમાં ભાઈઓ માટે ટુંકી દોડ, લાંબી દોડ(૪.૧૦૦ મી. રીલે દોડ), ૩૦૦૦ મી. દોડ, લાંબી કુદ, ગોળા ફેંક, નારિયેલ ફેંક, કુસ્તી, વોલીબોલ, લંગડી, સ્લો સાયકલીંગ, કબડ્ડી, રસ્સાખેંચ, ખાંડના લાડવા ખાવાની હરિફાઈ અનેબહેનો માટે ટૂંકી દોડ, લાંબી દોડ(૪.૧૦૦ મી.રીલે દોડ), ૩૦૦૦ મી. દોડ, લાંબી કુદ, ગોળા ફેંક, નારિયેલ ફેંક, કુસ્તી, વોલીબોલ, લંગડી, સ્લો સાયકલીંગ, કબડ્ડી, દોરડાકુદ(રોપ સ્કીપીંગ), માટલાદોડ, નારાગોચું (નાગરોલ) જેવા પરંપરાગત રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર આવામાં આવશે. ગ્રામીણ ઓલમ્પિકમાં ભાગ લેવા ઈચ્છતી ટીમોની તેમજ ઈચ્છુક રમતવીરોની એન્ટ્રીઓ પાર્થભાઈ આર.ચૌહાણ જિલ્લા રમત વિકાસ અધિકારી, સુરેન્દ્રનગર, સ્પોટ્સ કોમ્પ્લેક્ષ, સ્પીનીંગ મીલ સામે, મીલ રોડ, જિ.સુરેન્દ્રનગર મુ.લીંબડી-૩૬૩૪૨૧ (મો.નં.૯૮૯૮૯૭૪૪૪૮)ને તા.૧૨/૯/૨૦૨૩ સુધીમાં સમયસર મળી રહે તે રીતે મોકલી આપવાનું રહેશે. જૂનાગઢજિલ્લાના ૧૨થી ૧૬ વર્ષથી નાની વયના શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પોતાની શાળાના આચાર્યના સહી સિક્કા કરાવીને એન્ટ્રી ફોર્મ મોકલી આપવાનું રહેશે. જરૂરી એન્ટ્રી ફોર્મની નકલો જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર જૂનાગઢ પર ઉપલબ્ધ થશે. વધુ માહિતી માટે મો.નં.૯૨૬૫૭૮૩૭૫૭ ઉપર સંપર્કકરવા જિલ્લા રમતવિકાસ અધિકારી, જૂનાગઢની યાદીમાં જણાવાયું છે.

# મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

**જૂનાગઢ જીલ્લા મથકે તા.૨૯ સપ્ટેમ્બર તથા તાલુકા મથકે તા.૨૭ સપ્ટેમ્બર યોજાશે ફરિયાદ નિવારણ કાર્યક્રમ**

જૂનાગઢ, તા.૧૧

મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં તા.૨૯/૯/૨૦૨૩ને શુક્રવારના સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે અને તા.૨૭/૯/૨૦૨૩ને બુધવારે સવારે ૧૧ કલાકે દરેક તાલુકા મથકે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. લોકોને જિલ્લા મથકે આવવું ન પડે તે માટે ગામના તલાટીને દર મહિનાની ૧ થી ૧૦ તારીખ સુધીમાં તેમના પડતર પ્રશ્નો રજૂ કરી શકાશે.

જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પડતર પ્રશ્નો કલેક્ટર કચેરી, જૂનાગઢ અને તાલુકા તથા ગ્રામ કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પ્રશ્નો અરજદારોએ તાલુકા મામલતદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરીને તા.૧૦/૯/૨૦૨૩ સુધીમાં સીધા પણ રજૂ કરી શકશે.

આ ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં મુદ્દત બાદની અરજી, અસ્પષ્ટ રજૂઆતવાળી અરજી, એક કરતા વધુ વિભાગ, કચેરીના પ્રશ્નો, સુવાચ્ય ન હોય તેવી અરજી, નામ-સરનામા વગરની અરજી, વ્યક્તિગત આક્ષેપોવાળી અરજી, નિતિ-વિષયક પ્રશ્નો, ચાલુ સરકારી કર્મચારીઓના સેવા વિષયક પ્રશ્નો, કોર્ટ મેટર, દિવાની પ્રકારની ખાનગી તકરારો, અપીલ થવા પાત્ર કેસો વાળી અરજી, અરજદારને સ્વયં સ્પર્શતા ન હોય તેવા પ્રશ્નો, અરજદારે તેમની રજૂઆત અંગે સંબંધીત કચેરી/ખાતાનો એકપણ વાર સંપર્ક કર્યા સિવાય પ્રથમ વખત સીધા જ આ કાર્યક્રમમાં રજૂ કરેલ પ્રશ્નો, અગાઉના સ્વાગતા કાર્યક્રમમાં રજૂ થયેલ પ્રશ્નો સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે નહીં. જૂનાગઢ જિલ્લા કક્ષાના પ્રશ્નો જિલ્લા કલેકટર કચેરી, જૂનાગઢ ખાતે તા.૨૯/૯/૨૦૨૩ને શુક્રવારના રોજ સવારે ૧૧ કલાકે કલેકટર કચેરીના સભાખંડમાં કલેકટર અને સંબંધિત ખાતાના અધિકારીઓ અરજદારોને સાંભળશે. જયારે તાલુકા કક્ષાના પ્રશ્નો મામલતદાર કચેરી/ગ્રામ પંચાયત કચેરી ખાતે તા.૨૭/૯/૨૦૨૩ બુધવારના રોજ સવારના ૧૧ કલાકે મામલતદાર અને સંબંધિત ખાતાના અધિકારીઓ અરજદારોને સાંભળશે તેમ જૂનાગઢ જિલ્લા નિવાસી અધિક કલેકટરની યાદીમાં જણાવાયું છે.

# ઉનાની સરકારી હોસ્પિટલ માંદગીના બિછાને, ઠેર ઠેર ગંદકીના થર જામ્યા

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૧૧

ઉના તાલુકાની સિવિલ હોસ્પિટલ હાલ માંદગીના બિછાને છે જેનું મૂળ કારણ ત્યાં કામ કરતા અધિકારીની બેદરકારી જોવા મળે છે. તાલુકો ખૂબ મોટો હોય માત્ર એક સિવિલ હોસ્પિટલ લોકો પોતાની સારવાર દર્દીઓ લેવા આવતા અહીં કંઈ ચિત્ર અલગ છે. ઠેર ઠેર ગંદકી થર જોવા મળે છે. અધિકારીઓના ઉડાવ જવાબના કારણે દર્દીઓ હાલ પરેશાન થયા છે. તાજેતરની એક વાત કરીએ ત્યારે રજાના દિવસોમાં ઈમરજન્સી ડોકટર ખરેખર હોય છે પણ ત્યાં પરિસ્થિતિ કંઈક અલગ હોય છે. પોતાના કામમાં વ્યસ્ત ડોકટરો ત્યાં આવતા દર્દીઓને પણ જોતા નથી કહે છે આજે રજા છે થોડા દિવસો પહેલાની જ વાત કરીએ એક બાળકીને ગુમડું થયું હતું અને તે દિવસે રજા હતી પણ સ્વાભાવિક છે કે ડોકટર હોય ત્યાં બેઠેલા એક મહિલા ડોકટર અને મેડિકલ ઓફિસર પાસે તેમની વેદના કહે છે. સાહેબ આ દીકરીને ગુમડું થયું છે પણ ડોકટરો પોતાના કામમાં વ્યસ્ત હોવાને કારણે પટાવાળાને કહે આને ડ્રેસિંગ કરી લે કોઈપણ તપાસ કર્યા વગર આવો જવાબ આપ્યો પણ પરિસ્થિતિ સરકારી હોસ્પિટલની આજ રીતે જોવા મળે છે. અંધેરી નગરી અને ગંડુ રાજા જેઓ તાલ જોવા મળે છે. હોસ્પિટલમાં સારા ડોક્ટરની ખરેખર જરૂર છે તેમાંના એક ડોકટર હતા ડો.જાદવ તે ગયા પછી જાણે કોઈ કહેવા વાળુ નથી હોસ્પીટલ પણ સુવિધાથી સજ્જ બનાવવા માટે અનેક રજૂઆતો પણ કરવામાં આવી છે પણ પરિસ્થિતિ જેમની તેમ છે. આ સિવીલ હોસ્પીટલના દર્દીઓની સેવા માટે તત્કાલ યોગ્ય કરવા માંગણી કરવામાં આવી છે.

# જૂનાગઢ જીલ્લામાં પોષણ માહની થયેલ ઉજવણી

**સ્તનપાન અને પૂરક ખોરાક અંગે સગર્ભા બહેનો, ધાત્રી માતાઓને માર્ગદર્શન અપાયું**





જૂનાગઢ, તા.૧૧

દર વર્ષે "સપ્ટેમ્બર માસમાં રાષ્ટ્રીય પોષણ માહ"ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે છઠા "રાષ્ટ્રીય પોષણ માહ"ની ઉજવણી સપ્ટેમ્બર-૨૦૨૩માં કરવાનું નક્કી કર્યુ છે.આ વર્ષાની પોષાણ માહની થીમ છે "સુપોષિત ભારત,સાક્ષર ભારત,સશક્ત ભારત" છે. આગામી પોષણ માહ સપ્ટેમ્બર ૨૦૨૩ દરમ્યાન માત્રને માત્ર સ્તનપાન અને પૂરક આહાર, સ્વસ્થ બાળક સ્પર્ધા **(SBS)**, પોષણ ભી પઢાઈ ભી **(PBPB)**, મિશન **LiFE** દ્વારા પોષણ સ્તરમાં સુધારો, મારી માટી મારો દેશ **(MMMD)**, આદિવાસી કેન્દ્રિત પોષણ સેન્સિટાઈઝેશન, ટેસ્ટ, ટ્રીટ, ટોક – એનિમિયાની થીમ પર ધ્યાન કેન્દ્રિત કરતી પ્રવૃત્તિઓને ધ્યાનમાં લેવામાં આવી છે. જૂનાગઢ જિલ્લા આઈ.સી.ડી.એસ દ્વારા પોષણ માહની ઉજવણી કરવામાંઆવી રહી છે. જેમાં તા.૨ થી ૫ સપ્ટેમ્બર સુધી સ્તનપાન અને પૂરક ખોરાક થીમ ઉપર સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ, વાલીઓ, અધિકારીઓ, પંચાયતના આગેવાનો તથા ગ્રામજનોની ઉપસ્થિતિમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તે ઉપરાંત થીમ મુજબ પ્રવૃત્તિ તથા મિલેટની જાગૃતિ પર ધ્યાન કેન્દ્રિત કરી આંગણવાડી કાર્યકર દ્વારા ગૃહ મુલાકાત કરવી, **MMY** યોજનાનો પ્રચાર પ્રસાર કરવો. આરોગ્ય અને પોષણ શિક્ષણ, પોષણના પાંચ સૂત્રો (પ્રથમ ૧૦૦૦ દિવસ, હાથ ધોવા, સ્વચ્છતા, ઝાડા, એનીમિયા), માત્રને માત્ર સ્તનપાન અને પૂરક આહાર અંગે જૂનાગઢ જિલ્લા પંચાયતના તાબા હેઠળની તમામ આંગણવાડી, ગ્રામ પંચાયતો, પીએચસી, સીએચસી, યુએચસી, શાળાઓ અને આયુર્વેદિક હોસ્પિટલો ખાતે ઉજવણી કરવામાં આવી હતી.

# ક્રોમ્પ્ટનએ ગાર્ડન અને ગેટ લાઈટ્સની નવી સોલેરિયન શ્રેણીના લોન્ચ સાથે આઉટડોર લાઈટ્સ સેગમેન્ટમાં ઝંપલાવ્યું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૧

પોતાની વિશિષ્ટ ઓફરિંગ્સ દ્વારા ગ્રાહકોના અનુભવમાં વધારો કરવા મટે જાણીતી ક્રોમ્પ્ટન ગ્રીવ્સ ઈલેક્ટ્રિકલ્સ લિમીટેડ (સીજીસીઈએલ)એ પોતાના નવી કલાત્મક અને આઉટડોર લાઈટીંગની વિવિધ શ્રેણી – સોલેરિયન ગાર્ડન લાઈટ્સને લોન્ચ કરી હોવાની ઘોષણા કરી છે. ગુણવત્તાના પોતાના ૮૦ વર્ષના વારસાનો, લાંબા ગાળાની મજબૂતાઈ અને સંશોધનનો લાભ ઉઠાવતા આ નવી શ્રેણ બ્રાન્ડ અને તેની સેવાનું વચન ધરાવે છે, જેની ડિઝાઈન આઉટડોર જગ્યાની સુંદરતા વધારવા માટે કરવામાં આવી છે. ગ્રાહકોની પસંદગી માટે નવા લાઈટીંગ ફિક્ષ્ચર્સ વોટરપ્રૂફ, વેધરપ્રૂફ અને રસ્ટપ્રૂફ અને વિવિધ શ્રેણીમાં ઉપલબ્ધ છે, તેથી તમારા માર્ગને પ્રકાશિત કરવાનો યોગ્ય ઉકેલ બનાવે છે અને દરેક સિઝનમાં બગીચાની સુંદરતામાં વધારો કરે છે.

ક્રોમ્પ્ટનની બહારના લાઈટીંગ ફિચર્સથી નવી શ્રેણી પણ ગ્રાહકોને વિવિધ પસંદગીઓ આપે છે. ચાહે તેઓ પ્લાસ્ટિક કે મેટલ ગેટ-પોસ્ટ કે બોલાર્ડ્ઝની પસંદગી કેમ ન કરે, ક્રોમ્પ્ટનના ઉપલબ્ધ વિકલ્પોની વ્યાપક શ્રેણી વિવિધ બગીચાની સ્ટાઈલ્સ અને પસંદગીઓને અનુકૂળ હશે. સમગ્ર શ્રેણી **IP**૬૫ પ્રમાણિત વોટર-રેઝિસ્ટન્ટ છે અને તેમાં બલ્બ હોલ્ડર્સનો લાંબા ગાળા સુધી ધૂળ ન લાગે તેવા અવરોધક આવરણ સાથે આવે છે, જે ગ્રાહકોને એવી મનની શાંતિ આપે છે કે તેમનું રોકાણ દરેક સિઝન્સ સુધી ટકી રહેશે. આ પ્રકારની વિવિઝ શ્રેણી પૂરી પાડતા, ક્રોમ્પ્ટન તેના શોધ કરી રહેલા ગ્રાહકોની રુચિ અને પસંદગીઓને સંતોષવાનો હેતુ ધરાવે છે. નવી જ લોન્ચ કરાયે આઉટડોર લાઈટીંગ પ્રોડક્ટ્સ વિશે બોલતા ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સના વાઈસ પ્રેસિડન્ટ અને બિઝનેસ વડા શાલીન નાયકએ જણાવ્યું હતુ કે, "અમે અમારા ગ્રાહકોને પ્રદાન કરીએ છીએ તે ગુણવત્તા અને ઉત્તામ અનુભવને ધ્યાનમાં રાખીને ક્રોમ્પ્ટન ઉત્પાદનો ડિઝાઈન કરે છે. અમે સમજીએ છીએ કે લોકો તેમના બગીચાઓ સાથેના ઊંડા જોડાણ અને મનમોહક વાતાવરણ બનાવવામાં તેઓ ગર્વ અનુભવે છે.

અમે અમારી ગાર્ડન લાઈટ્સની નવી શ્રેણી રજૂ કરવા માટે ખુશ છીએ, ગુણવત્તા અને નવીનતાના સંપૂર્ણ મિશ્રણ સાથે આઉટડોર જગ્યાઓને પ્રકાશિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. અમારી નવી શ્રેણી સાથે, અમે વિકસતા બજારને સર કરવાની તકને ઓળખીએ છીએ અને આઉટડોર પ્રેમાળ ગ્રાહકોની જરૂરિયાતોને પહોંચી વળવા લાઈટિંગ સોલ્યુશન્સ પ્રદાન કરીએ છીએ."

# સુત્રાપાડાના ધામળેજ ગામના માનસિક રીતે અસ્થિર વ્યક્તિને શોધી કાઢી પરિવાર સાથે સુ:ખદ મિલન કરાવતી પોલીસ

(ભોળા જાદવ દ્વારા)



સુત્રાપાડા, તા.૧૧

થોડા દિવસ પહેલા જ બિહારથી ભટકેલા વ્યકિત સુત્રાપાડા પહોંચ્યો હતો અને સુત્રાપાડા પોલીસે હેમખેમ વતન પહોંચાડ્યો હતો. પીએસઆઈ.એન.એ.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ગુનાહિત પ્રવૃત્તિને અટકાવવા સતત પ્રયત્નો થઈ રહ્યા છે સાથે સાથે હમણાં જ ટૂંક સમયની અંદર પીએસઆઈ વાઘેલાએ સાર્જ સંભાળ્યો છે અને વાઘેલા સાહેબના માર્ગદર્શન હેઠળ સમગ્ર વિસ્તારમાં પોલીસ એક્ટિવ જોવા મળી રહી છે સાથે સાથે ગુનાહિત પ્રવૃત્તિમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે હમણાં જ થોડા દિવસો પહેલા બિહારથી ભટકેલો યુવાન સુત્રાપાડા પહોંચ્યો હતો અને સુત્રાપાડા પોલીસએ બિહારમાં તેમના પરિવારનો સંપર્ક સાંધી પરિવારને સુત્રાપાડા બોલાવી પરિવારને સોપ્યો હતો. ત્યારબાદ નારણભાઈ દાનાભાઈ કામળીયા રહે.ધામળેજ તા. સુત્રાપાડા વાળાના પુત્ર રમેશભાઈ નારણભાઈ કામળીયા ગઈ તા.૨૯/૭/૨૦૨૩ના રોજ ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયેલ હોય જે ગુમ આવક અરજી અન્વયે ગુમ થનારની તેમના વાલી-વારસદારોને સાથે રાખી જાહેર સ્થળો, મંદીરો, મચ્છી ના દંગા મા શોધખોળ કરતા ક્યાંય મળી આવેલ ન હોય અને તે બાદ આજરોજ સવારે દશકવાગ્યાના અરસામા ધામળેજ ઓ.પી. ઈન્સાર્જ એ.એસ.આઈ. એ.વી.ખેર ને ટેલીફોનીક જાણ મળેલ કે સુત્રાપાડા બસ સ્ટેશન પાસે ધામળેજ ગામનો ગુમ થનાર રમેશ નારણ કામળીયા ઉભેલો છે જે આધારે તાત્કાલીક પોલીસના માણસો સાથે સુત્રાપાડા બસ સ્ટેશનખાતે જઈ સદરહુ ઈસમનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ રમેશભાઈ નારણભાઈ કામળીયા રહે.ધામળેજ વાળો હોવાનુ જણાવતા સદરહુ ઈસમને પો.સ્ટે.લાવી તેમના પીતાજીને સુત્રાપાડા પો.સ્ટે.ખાતે બોલાવી ગુમ થનાર રમેશભાઈ નારણભાઈ કામળીયા ઉ.વ ૩૨ રહે ધામળેજ તા.સુત્રાપાડાવાળાને તેમના પરિવારને સોપી આપેલ અને પરીવાર સાથે સુખદ મિલન સુત્રાપાડા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફે કરાવેલ છે.આ ઉમદા સારી કામગીરી કરનાર પોલીસ અધિકારી અનીરૂધ્ધસિંહ ખેર એ.એસ.આઈ. મહિપતસિંહ વાળા પો.હેડ.કોન્સ.અંકુલભાઈ વાળા પો.કોન્સ સુત્રાપાડા પો.સ્ટે.પોલીસની ઉમદા કામગીરી થી લોકોએ પણ પોલિસનો તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડે 'ક્લાઉડ કોલિંગ' ફીચર પ્રસ્તુત કર્યું, મોટર ક્લેમ ઈન્ટરએક્શનમાં બદલાવ લાવશે અને સેટલમેન્ટ્સને વેગ આપશે

મુંબઈ, તા. ૧૧

ભારતની અગ્રણી ખાનગી સામાન્ય વીમા કંપનીઓમાંની એક આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડે તેની નૂતન તકનીકી નવીનતા "ક્લાઉડ કોલિંગ" સુવિધાને પ્રસ્તુત કરી છે. આ અનોખી વિશેષતા મોટર દાવા પ્રક્રિયા દરમિયાન ગ્રાહકના અનુભવને વધારવા, દાવાની પતાવટને ઝડપી બનાવીને અને તેના મૂલ્યવાન ગ્રાહકોની વિકસતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડની અદ્યતન ટેકનોલોજીનો લાભ લેવાની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.

દાવાઓના સંચાલન અને પતાવટમાં નમૂનારૂપ પરિવર્તનનો પરિચય "ક્લાઉડ કોલિંગ" આપે છે. પરંપરાગત પ્રક્રિયામાં, કસ્ટમર સર્વિસ મેનેજર (સીએસએમ) અને ગ્રાહક વચ્ચે અનેક વાર ટેલિફોનિક વાતચીત થાય છે, જે સંભવિત વિલંબ અને બિનકાર્યક્ષમતા તરફ દોરી જાય છે. આ પડકારને ઓળખીને, આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ હવે ગ્રાહકો અને કલેઈમ્સ મેનેજરોનેસીમલેસ અનેકાર્યક્ષમ સંદેશાવ્યવહાર માટે સમર્પિત વર્ચ્યુઅલ નંબર સાથે સશક્ત બનાવે છે. આ વિશિષ્ટ સુવિધા દાવાની પતાવટને સરળ, પારદર્શક અને સારી રીતે સંકલિત પ્રક્રિયામાં પરિવર્તિત કરે છે, જે ગ્રાહક સંતોષમાં નોંધપાત્ર વધારો કરે છે.

આ નૂતનતા બહુગુણી છે, જે દાવાના સમગ્ર લાઈફ સાયકલને અનેક લાભ પૂરા પાડે છે. ગ્રાહકો પાસે હવે તેમના માટે નિયુક્ત કરેલા સીએસએમ સુધી પહોંચવા માટે એક જ સંપર્ક બિંદુ છે, જે વાતચીતને સરળ બનાવે છે. સર્વસમાવેશક કૉલ ટ્રેકિંગ પ્લેટફોર્મ સાથે કૉલ કનેક્ટિવિટી સુવ્યવસ્થિત બને છે, જે પારદર્શિતા અને જવાબદારી વધારે છે. વર્ચ્યુઅલ નંબર હોવાથી સીએસએમ અન્ય કોલ ઉપર વ્યસ્ત હોય તો યોગ્ય મેનેજરને આપમેળે રીડાયરેક્ટ કરવા સક્ષમ બનાવે છે, જેથી કોઈ પણ ગ્રાહકના પ્રશ્નો વણસ્પર્શ્યા રહી જાય નહીં તેની ખાતરી મળે છે. વધુમાં આ સુવિધામાં કોલ રેકોર્ડિંગનો પણ સમાવેશ થાય છે, વિશ્લેષણ માટે સમજણપૂર્વકના ડેટા પ્રદાન કરે છે અને ગ્રાહકની ક્રિયાપ્રતિક્રિયાઓમાં સતત સુધારણા કરે છે.

નવી સુવિધા પર ટિપ્પણી કરતાં, આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડમાં અંડરરાઈટિંગ અને ક્લેમ પ્રોપર્ટી એન્ડ કેઝ્યુઅલ્ટીના ચીફ શ્રી ગૌરવ અરોરાએ જણાવ્યું હતું કે, "સતત વિકસી રહેલી સમકાલીન પરિસ્થિતીમાં, અમારું ધ્યાન ગ્રાહકના દાવાની પતાવટ અને ગ્રાહક અનુભવને વધારવા પર કેન્દ્રિત છે. 'ક્લાઉડ કૉલિંગ' સુવિધાના નવીન સંકલન દ્વારા અમે તકનીકી પ્રગતિનો ઉપયોગ કરવા માટે પ્રતિબદ્ધ છીએ જે ક્લેઈમ્સ ઓનર્સ, એન્જિનિયર્સ મેનેજર્સ અને ગ્રાહકો વચ્ચેના સંચારમાં આડે આવતા અવરોધોને પાર કરે છે, જેનાથી દાવાની પતાવટ ઝડપી બને છે અને તેમાં ધરખમ પરિવર્તન લાવે છે." "ક્લાઉડ કૉલિંગ" સુવિધાની શરૂઆતથી તેમાં ૪ લાખથી વધુ ગ્રાહકો જોડાયા છે, જે તાત્કાલિક સમર્થન અનેસહાય પૂરી પાડે છે અનેઅત્યાર સુધીમાં મોટર ક્લેમ પ્રક્રિયા સંબંધિત ગ્રાહકોના ૯૫% પ્રશ્નોનો ઉકેલ લાવે કરે છે. આ સિદ્ધી નૂતન સુવિધાના પિરણામલક્ષી અસરની સાક્ષી છે, કારણ કે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ ઉદ્યોગના ધોરણોને ફેરવ્યાખ્યાયિત કરવાનું જાળવી રાખે છે. અરોરાએ વધુમાં ઉમેર્યુ કે, "ટેક્નોલોજી કાર્યક્ષમતામાં વધારો કરે છે, ત્યારે માનવીય ઈન્ટરેક્શનનો જે સ્પર્શ મળતો હોય તે દૂર થવો જોઈએ નહીં એવી ગહન અનુભૂતિમાંથી નવી સુવિધા પાછળનો વિચાર ઉદ્ભવ્યો છે. અમે આ સુવિધાને સગવડતા અને વ્યક્તિગત સ્પર્શ વચ્ચેના અંતરને દૂર કરવા માટે ડિઝાઈન કરી છે. ક્લેઈમ ઓનર્સ અને ગ્રાહકો વચ્ચે સીધા સંચારની સુવિધા આપીને, 'ક્લાઉડ કોલિંગ' માત્ર દાવાની પ્રક્રિયાને ઝડપી બનાવે છે એટલું જ નહીં પરંતુ માનવ-કેન્દ્રિત સેવા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પણ રેખાંકિત કરે છે."

"ક્લાઉડ કોલિંગ" સુવિધા આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડની પ્રગતિશીલ ભાવનાના પ્રમાણ તરીકે ઊભરી છે, તે ગ્રાહકના અનુભવને વધારવા માટે રચાયેલ વિશાળ ઈકોસિસ્ટમનો એક ભાગ છે. **IL TakeCarey** અપ્લિકેશન, **"InstaSpect"** જેવી સેવાઓ સાથે જોડાયેલી, અગ્રણી મોબાઈલ સ્વ-નિરીક્ષણ વિશેષતા, આઈસી આઈસી આઈ લોમ્બાર્ડના સર્વગ્રાહી અભિગમને પ્રદર્શિત કરે છે. આ સર્વિસીસ અસાધારણ ગ્રાહક સેવાના તેના હોલમાર્કને વળગી રહીને, અવિરત અને દાવાઓની કાર્યક્ષમ પતાવટ પ્રક્રિયાને પહોંચાડવા માટેના અમારા નિરંતર સમર્પણને રેખાંકિત કરે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# સંયુક્ત પરિવારો તોડવામાં સફળ થતી વૈશ્વિક બજારૂ શકિતઓ

ભારતીય સંસ્કારો અનુસાર ભારતમાં કુટુંબને એક મહત્ત્વપૂર્ણ એકમ રૂપેસ્વીકારવામાં આવ્યું છેઅને ભારતમાંસંયુક્ત પરિવારતેના પરિણામ રૂપે દેખાય છે. પરંતુ પશ્ચિમી આર્થિક દર્શનમાં સંયુક્ત પરિવાર લગભગ નહિવત જ દેખાય છે અને વિકસિત દેશોમાં સામાન્ય રીતે બાળકો ૧૮ વર્ષની ઉંમર પ્રાપ્ત કરતાં જ તેઓ પોતાનો અલગ પરિવાર વસાવી લે છે અને પોતાના માતા-પિતાથી અલગ મકાન લઈને રહેવા લાગે છે. આ ચલણ પાછળ સંભવતઃ આર્થિક પક્ષ એ પ્રકારે જોડાયેલો છે કે જેટલા વધુ પરિવાર હશે એટલા જ વધુ મકાનોની જરૂર પડશે, ગાડીઓની જરૂર પડશે, ટીવી-ફ્રિજની જરૂર પડશે, વગેરે. લગભગ સમસ્ત ઉત્પાદનોની જરૂરિયાત એનાથી વધશે, જે અંતે માંગમાં વૃદ્ધિ રૂપે જોવા મળશે અને એનાથી એ વસ્તુઓનું ઉત્પાદન વધશે. વધુ વસ્તુઓ વેચાવાથી બહુરાષ્ટ્રીય કંપનીઓની લાભપ્રદતામાં પણ વધારો થશે. કુલ મળીને તેનાથી આર્થિક વૃદ્ધિ દર ઝડપી બનશે.

વિકસિત દેશોમાં આ પ્રકારની માન્યતાઓ સમાજમાં હવે સામાન્ય થઈ ગઈ છે. હવે બહુરાષ્ટ્રીય કંપનીઓ ભારતમાં પણ પ્રયાસરત છે કે કઈ રીતે ભારતમાં સંયુક્ત પરિવારની પ્રણાલીને તોડવામાં આવે જેથી પરિવારોની સંખ્યા વધે અને વિભિન્ન ઉત્પાદનોની માંગ વધે અને આ કંપનીઓ દ્વારા નિર્મિત ઉત્પાદનોનું વેચાણ બજારમાં વધે. તેના માટે બહુરાષ્ટ્રીય કંપનીઓ એ પ્રકારના વિભિન્ન સામાજિક સિરિયલો બનાવીને પ્રાયોજિત કરતાં ટીવી પર પ્રસારિત કરાવે છે કે જેમાં સંયુક્ત પરિવારનાં નુકસાન બતાવવામાં આવે છે અને નાના પરિવારોના ફાયદો દેખાડવામાં આવે છે. સાસુ-વહુ વચ્ચે નાની-નાની વાતે ઝગડા દેખાડવામાં આવે છે અને જેનો અંત પરિવાર તૂટવા રૂપે બતાવવામાં આવે છે. ભારત એક વિશાળ દેશ છે અને વિશ્વમાં સૌથી મોટું બજાર છે, બહુરાષ્ટ્રીય કંપનીઓ જો પોતાના આ કુચક્રમાં સફળ થઈ જાય છે તો તેમના વિચાર અનુસાર ભારતમાં ઉત્પાદનોની માંગમાં બેફામ વૃદ્ધિ થઈ શકે છે, તેનાતી વિશેષ રૂપે બહુરાષ્ટ્રીય કંપનીઓને સીધેસીધો ફાયદો થશે. આ કારણે આજે જ્યોર્જ સોરોસ જેવા કેટલાય વિદેશીઓ અન્ય કેટલીય વિદેશી સંસ્થાઓ અને બહુરાષ્ટ્રીય કંપનીઓ સાથેમળીને ભારતીય સંસ્કૃતિ પર હુમલો કરતા દેખાય છે અને ભારતીય સંસ્કૃતિને નષ્ટ કરવાના પ્રયાસ કરી રહ્યા છે.

આજે જો ભારત વિભિન્ન ક્ષેત્રોમાં આત્મનિર્ભર બની જાય છે, તેના માટે સતત પ્રયાસ ભારતમાં કરવામાં આવી રહ્યા છે, તો તેની સૌથી વધુ ખરાબ અસર આ બહુરાષ્ટ્રીય કંપનીઓ પર થવાની છે. કારણ કેતેનાથી આ કંપનીઓ દ્વારા નિર્મિત ઉત્પાદનોની માંગ ભારતમાં ઓછી થઈ જશે અને આજે માત્ર ભારત જ આખા વિશ્વમાં સૌથી વધુ ઝડપથી આગળ વધતી અર્થવ્યવસ્થા બની ગયું છે. જો ભારતમાં આ બહુરાષ્ટ્રીય કંપનીઓનાઉત્પાદનોની માંગ ઓછીથઈ જાયતો આ કંપનીઓ પોતાનાં ઉત્પાદનો વેચશે ક્યાં અને કેવી રીતે પોતાના નફામાં વૃદ્ધિ નોંધાવશે? તેથી આ બહુરાષ્ટ્રીય કંપનીઓએ ભારતની મહાન સંસ્કૃતિ પર હુમલા તેજ કરી દીધા છે.

વિકસિત દેશોમાં આજે સામાજિક તાણાવાણા છિન્ન-ભિન્ન થઈ ગયા છે. પરિણીત જોડીઓ વચ્ચે છૂટાછેડાના દર લગભગ ૫૦ ટકા સુધી પહોંચી ગયા છે, જેનાથી નાના-નાના બાળકો માત્ર પોતાના માતા કે પિતા સાથે રહેવા મજબૂર છે. જો માતા અથવા પિતામાંથી કોઈ એક ફરી વિવાહ કરી લે છે તો તે બાળકને ઓરમાન પિતા કે ઓરમાન મા સાથે રહેવું પડે છે, જ્યાં તેની પૂરતી સંભાળ નથી લેવાતી અને એ બાળકનો માનસિક વિકાસ યોગ્ય રીતે નથી થઈ શકતો. આ બાળકો હંમેશાં માનસિક તણાવના દોરમાંથી પસાર થાય છે અને તેની સમગ્ર અસર આ બાળકોના ભણતર પર પડે છે. આજે અમેરિકામાં અમેરિકી મૂળના નાગરિકોનાં બાળકો વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોમાં બહુ ઓછી રુચિ લઈ રહ્યા છે, તેનાથી ત્યાંના મૂળ નાગરિકોના બાળકો ના તો ડોક્ટર બની શકે છે કે ના એન્જિનિયર. ડોક્ટર અને એન્જિનિયરની સાથેસાથે મેનેજમેન્ટ ક્ષેત્રમાં પણ એશિયાઇ મૂળના નાગરિકોના બાળકો આગળ વધતા દેખાય છે. આ જ પ્રકારે વિકસિત દેશોમાં વિવાહ પહેલાં બાળકોનું ગર્ભધારણ કરવું પણ સામાન્ય રિવાજ બનતું જાય છે તથા વિવાહ કર્યા વગર લિવ-ઈન રિલેશનશિપમાં સાથે રહેવું પણ સામાન્ય વાત થઈ ગઈ છે. લિવ-ઈન રિલેશનશિપ દરમ્યાન પેદા થયેલ બાળકોને કેટલાય પ્રકારની કાનૂની સમસ્યાઓનો સામનો કરવો પડે છે, સાથે જ એ બાળકોની સારસંભાળ યોગ્ય રીતે લેવાતી નથી. વિકસિત દેશોમાં બાળકોનું યોગ્ય ઉછેર નહીં થવાને કારણે આ બાળકોમાં હિંસાની પ્રવૃત્તિ પેદા થઈ રહી છે. આ જ કારણે આજે અમેરિકામાં પ્રતિ નાગરિક જેલોની સંખ્યા અન્ય દેશોની તુલનામાં બહુ વધારે છે, સ્વાભાવિક રૂપે પ્રતિ નાગરિક કેદીઓની સંખ્યા પણ તુલનાત્મક રૂપે બહુ વધારે છે.

સામાજિક તાણાવાણા છિન્નભિન્ન થવાને કારણે આજે અમેરિકામાં સૌથી વધુ ખર્ચ સામાજિક સુરક્ષા યોજનાઓ પર કરવો પડી રહ્યો છે. વૃદ્ધ નાગરિકો પોતાના બાળકોથી અલગ રહે છે અને વૃદ્ધાવસ્થામાં તેમની દેખભાળ કરનારું કોઈ હોતું નથી તેથી તેમની દેખભાળ પર સરકારે ભારે રકમખર્ચ કરવી પડે છે. આ જ પ્રકારે જેલોની સારસંભાળ અને તેમાં રહેતા કેદીઓ પર પણ ભારે રાશિ ખર્ચ કરવી પડે છે. આ પ્રકારના ખર્ચ ઉત્પાદકતાની શ્રેણીમાં નહીં હોવાને કારણે વ્યર્થ ખર્ચ જ માનવામાં આવે છે. એનાથી કુલ મળીને વિશેષ રૂપે અમેરિકા આજે ગંભીર આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. અમેરિકા આ અવસ્થામાં પહોંચવા પાછળ વિશેષ રૂપે ત્યાંના સામાજિક તાણાવાણા છિન્નભિન્ન થવાનું મનાય છે.

એનાથી બિલકુલ વિપરીત ભારતીય સનાતન સંસ્કૃતિમાં કુટુંબ વ્યવસ્થાને ઈશ્વર પ્રદત્ત ઉપહાર માનવામાં આવી છે. સંયુક્ત પરિવારમાં બાળકોના રહેવાને કારણે તેની બાળપણમાં સંભાળ યોગ્ય રીતે થાય છે અને ભારતમાં બાળકોમાં હિંસાની પ્રવૃત્તિ લગભગ નહીં બરાબર જોવા મળે છે. આ બાળકોનો માનસિક વિકાસ પણ ઉચ્ચ સ્તરનો થઈ જાય છે. વડીલોની દેખભાળ પણ સંયુક્ત પરિવારમાં બહુ સારી રીતે થઈ જાય છે અને સરકારોએ કોઈ વિશેષ પ્રકારની સામાજિક સુરક્ષા યોજનાઓ પર ખર્ચ કરવાની જરૂર નથી રહેતી. પરંતુ પશ્ચિમી દેશો દ્વારા સનાતન સંસ્કૃતિ પર પ્રહાર કરવામાં આવે છે. આ પ્રકારના પ્રયાસોથી ભારતીય નાગરિકોને આજે જાગૃત કરવાની જરૂર છે.પશ્ચિમી સંસ્કૃતિ તો ખુદમાં અસફળ સાબિત થતી દેખાય છે.હવે માત્ર સનાતન ભારતીય સંસ્કૃતિ જ વિકસિત દેશોમાં ફેલીરહેલી અશાંતિને દૂર કરવામાં સક્ષમ દેખાય છે. આજ પ્રકારે સનાતન ભારતીય સંસ્કૃતિને અપનાવીને આખા વિશ્વમાં શાંતિ સ્થાપિત કરી શકાય છે.

# દ્વારકાધીશ જગતમંદિરમાં કાળીયા ઠાકોરના પ૨પ૦માં જન્મોત્સવની ભવ્યાતિભવ્ય થયેલ ઉજવણી










(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૧

પવિત્ર યાત્રાધામ દ્વારકા ખાતે શ્રાવણી અષ્ટમી એટલે કે જન્માષ્ટમી પર્વના પાવન અવસારે ગતરાત્રીએ હજારો ભાવિકોના ઘોડાપુરમાં જય મુરલીધર જય દ્વારધીશ જય રણછોડ માખણચોરના ગગનચુંબી જયઘોષ સાથે શ્રી કૃષ્ણ ભગવાનના પ૨પ૦માં જન્મોત્સવની ભકિમય માહોલમાં ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. રાત્રીના ૧૨ના ટકોરે શ્રી દ્વારકાધીશજીના ત્રૈલોકય સુંદર જગતમંદિરમાં જળહતળી રોશની વચ્ચે સમગ્ર દ્વારકા નગરી તેમજ દેશ વિદેશથી પધારેલ હજારો કૃષ્ણભકતોના માનવ મહેરામણની ઉપસ્થિતિમાં ઉજવાયો હતો. રાત્રીના ૧૨ના ટકોરે સર્વત્ર નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કીના ગગનાભેદી નાદ સાથે જન્માષ્ટમી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે હજારો ભાવિકોએ પવિત્ર ગોમતી સ્નાનનો પણ લાભ લીધો હતો.

**રાત્રીના ૧૨ના ટકોરે જગતમંદિર પરિસર ભાવિકોના નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલ લાકીના ગગનચુંબી નાદ સાથે ગુંજી ઉઠયું**

શ્રી કૃષ્ણ ભગવાનના જીવનાચરિત્રના મહત્વના દિવસો પૈકીનો શ્રીજીનો જન્મ પર્વ એટલે કે જન્માષ્ટમી પર્વને સદીઓથી યાત્રાધામ દ્વારકાના સુપ્રસિધ્ધ દ્વારકાધીશ જગતમંદિરમાં પરંપરાગત રીતે ઉજવવામાં આવે છે. હિન્દુ ધર્મ શાસ્ત્રો અનુસાર મનુષ્ય જીવનની યાત્રા ભગવાન શ્રી દ્વારકાધીશજીના દર્શન વગર અધુરી છે. એટલે જ દ્વારકાને મોક્ષપુરી તરીકે પણ ઓળખવામાં આવે છે. જન્માષ્ટમી પર્વ નિમિતે ભગવાન શ્રી દ્વારકાધીશના મંદિર પરિસરનો કલાત્મક લાઈટીંગ ડેકોરેશનથી સુશોભિત કરવામાં આવેલ. રાત્રીના ૧૨ના ટકોરે જન્મોત્સવ આરતીમાં રાજકીય અગ્રણીઓ તેમજ દેવભૂમિ દ્વારકા જીલ્લા અધિકારીગણ તેમજ દેવસ્થાન સમિતિના વહીવટદાર, દ્વારકાધીશજીનો પૂજારી પરિવાર તેમજ હજારો કૃષ્ણભકતોની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવ્યો હતો. ભાવિકો માટે સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા શહેરભરમાં વિવિધ સ્થળોએ નિઃશુલ્ક ચા-નાસ્તા-ફળહારની સુંદરવ્યવસ્થાઓ પણ યોજવામાં આવી હતી. શ્રી કૃષ્ણ જન્મોત્સવનું લાઈવ ટેલીકાસ્ટ વિવિધ ચેનલો દ્વારા કરાયું હતું. તેમજ દેશ-વિદેશના ભાવિકોને જન્મોત્સવનો લ્હાવો મળી રહી તે હેતુ જગતમંદિરની ઓફીશીયલ વેબસાઈટ તેમજ ઓફીશીયલસોશ્યલ મીડીયાના પ્લેટફોર્મસ ઉપરથી ટેલીકાસ્ટ કરાયું હતું જેનો લાભ કરોડો ભાવિકોએ વિવિધ ઓનલાઈન માધ્યમથી લીધો હતો.

**પારણા નોમના દિને ઠાકોરજીને અન્નકુટ દર્શન મનોરથ : ભગવાનના બાલસ્વરૂપને પારણામાં ઝુલાવવામાં આવ્યા**

જન્માષ્ટમી પર્વના બીજ દિવસે શુક્રવારના રોજ શ્રાવણ વદ નૌમના સવારે ભગવાન દ્વારકાધીશના પારણા નૌમનો ઉત્સવ મનોરથ દ્વારકાધીશ જગતમંદિરમાં પરંપરાગત રીતે ઉજવવામાં આવ્યો હતો. ભગવાનના બાલસ્વરૂપનો જુલામાં જુલાવવામાં આવ્યા હતા. બાદમાં ભગવાન દ્વારકાધીશનો છપ્પનભોગ ધરાવતો અન્નકુટ મનોરથ દર્શન પણ યોજવામાં આવ્યો હતો જેના દર્શન મનોરથનો પણ હજારો ભાવિકોએ લાભ લીધો હતો. તેમજ ઓનલાઈન માધ્યમથીપણ લાખો ભાવિકોએ નિહાળ્યો હતો.

**જન્માષ્ટમીના તહેવારોમાં ત્રણ દિવસમાં ૨.૬૩ લાખ દર્શનાર્થીઓ ઉમટી પડયા**

જન્માષ્ટમી તહેવારો દરમ્યાન સાતમ-આઠમ-નોમના દિવસો દરમ્યાન દ્વારકાધીશના જગતમંદિરમાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડેલ. ત્રણ દિવસો દરમ્યાન આશરે ૨.૬૩ લાખ શ્રી કૃષ્ણ ભકતોએ કાળીયા ઠાકોરના દર્શનનો લાભ લીધેલ અને જન્માષ્ટમીના રાત્રીના શ્રી કૃષ્ણ જન્મોત્સવનો ભકિતભાવપુર્વક લાભ લીધેલ. શ્રી કૃષ્ણ જન્મોત્સવના ઉત્સવ સ્વરૂપની શ્રીજીની ઝાંખીના દર્શન કરી ભાવિકો ભારે ગદગદિત થયા હતા.

## શ્રાવણ સત્સંગ

# પીપ્લાદ મુનિની કથા

ચ્યવન ઋષિ મહાન શિવભક્ત હતા. તેમના પુત્ર દધિચી ઋષિ પણ શિવભક્ત હતા. તેમણે શિવજીનું ખૂબ જ ઉગ્ર તપ કર્યું હતું. ભગવાન શિવજીનું દધિચી ઋષિને એવું વરદાન હતું કે, તમારા શરિરના હાડકા કાયમ વજ્ર સમાન બની રહેશે. દધિચી ઋષિ કાયમ સૌનું કલ્યાણ ઈચ્છતા અને લોકોને કોઈને કોઈ રીતે મદદરૂપ થવા માટે પણ હિંમેશા તત્પર રહેતા.



તે સમય દરમ્યાન વૃત્રાસુર નામનો એક રાક્ષસ હતો. તેણે પોતાની તાકાત વધારી અને દેવોને પૂજવાનું શરૂ કર્યું તે દેવો ઉપર અનહદ ત્રાસ વર્તાવવા લાગ્યો. અને એક વખત એવો આવ્યો કે તેદેવોની સામે લડવા લાગ્યો અનેતેણે દેવોને પરાજીત પણ કર્યા.

હારેલા દેવતાઓ ઈન્દ્ર રાજા પાસે ગયા અને તેમણે વૃત્રાસુરના ત્રાસની વાત કરી. આ વાત સાંભળી અને ગભરાઈ ગયેલા ઈન્દ્ર રાજાએ બ્રહ્માજી પાસે જઈ અને બ્રહ્માજીને બધી જ હકિકત જણાવી અને વૃત્રાસુરના નાશ માટેનો માર્ગ પુછ્યો. ત્યારે બ્રહ્માજીએ જણાવ્યું કે, જો દધિચી ઋષિ પોતાના શરિરના હાડકા આપે અને તેનું વજ્ર તૈયાર કરવામાં આવે તો તે વજ્રથી તેનો નાશ થાય.

તેથી સૌ સાથે મળી અને ત્યાંથી સીધા દધિચી ઋષિ પાસે ગયા અને તેમને નમસ્કાર કરી અને ઈન્દ્ર રાજાએ વાત શરૂ કરી કે, અમને દેવતાઓને વૃત્રાસુર નામના રાક્ષસથી ભારે ત્રાસ થયો છે. તેના ત્રાસમાંથી મુક્ત કરવા માટે અમને વજ્ર દંડની જરૂર છે. પરંતુ તે બનાવવા માટે અમને તમારા અસ્થિની જરૂરત છે. તો તમે અમને તમારા વજ્ર જેવા અસ્થિ આપો તો તે અસ્થિ વડે વજ્ર દંડ બની શકે અને વજ્ર દંડ વડે આ વૃત્રાસુરનો નાશ થાય.

લોકોના કલ્યાણ માટે દધિચી ઋષિએ એક પળનો પણ વિચાર કર્યા વગર તરત જ યોગ વડે પોતાનો દેહ દીધો અને તેમના અસ્થિમાંથી ભગવાન વિશ્વકર્માજીએ વજ્રનું દંડ બનાવ્યું. ત્યાર પછી વૃત્રાસુર અને ઈન્દ્ર રાજા વચ્ચે ભયંકર યુધ્ધ થયું. આખરે વજ્ર દંડ વડે ઈન્દ્ર રાજાએ વૃત્રાસુરનો નાશ કર્યો અને તેના ત્રાસમાંથી મુક્ત થયા.' જયારે દધિચી ઋષિએ દેહને છોડ્યો ત્યારે તેમના પતિ સુર્વચા સ્નાન કરવા ગયા હતા અને પાછા આવીને જોયું તો તેમના પતિદેવએ લોકકલ્યાણ અર્થે દેહ ત્યાગ કરી દિધેલો તેથી સુર્વચા પોતે પણ દેહ ત્યાગ કરવા તત્પર બન્યા ત્યારે આકાશવાણી થઈ કે, ''હે સતી, તમારે ત્યાં એક ઉત્તમ પુત્ર રત્નનો જન્મ થવાનો છે. તેની રક્ષા કરવી એ તમારો મુખ્ય ધર્મ છે.'' આ વાત સાંભળી સુર્વચાએ પોતાના પેટને ચીરી અને તેમાં રહેલા બાળકને કાઢી અને પોતાના આશ્રમના એક પીપળાના વૃક્ષ નીચે તેને મૂકી દીધો. તે બાળક અત્યંત તેજસ્વી હતું. તેનું અલૌકિક રૂપ જોઈને સુર્વચા તેને જાણી ગયા કે, આ તો શિવજીના અંશરૂપ છે. તેથી સુર્વચાએ કહ્યું, '' આપ મારી મનની ભાવના સારી રીતે સમજી શકો છો, ''પતિલોકમાં જવાની ઈચ્છા છે. જો આપ રજા આપતા હોવ તો મારે તે માર્ગે જવું છે.'' અને યોગ દ્વારા તેમને પણ દેહ છોડ્યો.

એ બાળક બાળકનો જન્મ મહોત્સવ ઉજવાયો અને પીપળાના વૃક્ષ નીચે તે મહાયોગી સૌને મળ્યા. તેથી તેમનું પીપ્લાદ એવું નામ રાખવામાં આવેલું અને પીપ્લાદ મુનિ તરીકે તેઓ જગતમાં પ્રસિધ્ધ થયેલા છે.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**દેવેન કનકચંદ્ર વ્યાસ**

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

વિશ્વાસનો અભાવ એ અજ્ઞાનતા છે.

- સ્વામિ રામતિર્થ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ વદ-૧૨ શિવ પૂજન, શિવ મુષ્ટી (જવ) તા.૧૧ સપ્ટેમ્બર ૨૦૨૩, સોમવાર, પારસી તા.૨૭, મુસ્લિમ તા.૨૫, પુષ્ય નક્ષત્ર, પરિઘ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૩૬, સૂ.અ.૬:૫૮

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૧૧-૯-૨૦૨૩ થી ૧૭-૯-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમ્યાન સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઈ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય અથવા પ્રાપ્તિ થાય, આર્થિક ક્ષેત્રે મિશ્ર ફળદાયી સમય છે. તેમ છતાં તમને મહેનતના પ્રમાણમાં સારોએવો નાણાંકીય લાભ મળી રહે, અગત્યના કાર્યમાં વિલંબ બાદ સફળતા મળે પરંતુ મિલન-મુલાકાતમાં અણધારી સફળતા મેળવશો. આ સમય દરમિયાન વ્યર્થ જીદ ટાળવી હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન તમે તેમારી પ્રવૃત્તિઓમાં આગળ વધી શકશો. દ્રઢ મનોબળ અને મક્કમતાથી મળતા ઉત્સાહ વધે. આ સમય દરમિયાન કોઈપણ પ્રકારના સાહસમાં નાણાં ન રોકવા હિતાવહ. નુકશાની અને વ્યય ના યોગ છે. શેર-સટ્ટાથી દૂર રહેવું, નોકરીમાં સફળતા મળે. જીવનસાથી સાથે લાગણીનું ઘર્ષણ થાય. પરંતુ મનને શાંત રાખવા કોશિષ કરવી અને ધીરજથી કામ લેવું. અકસ્માતથી સાચવવું, તબિયત એકંદરે સારી રહે.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

ભૌતિક કાર્યમાં મિશ્ર પરીણામો પ્રાપ્ત કરી શકશો. મનમાં ચંચળતા રહેશે તેથી અગત્યના કાર્યોમાં નહીંવત સફળતા મળે તેવો સંભવ છે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાણી ઘર્ષણ ટાળવો, નાણાંનો લાભ રોકી શકવામાં નિષ્ફળ રહે. પારિવારીક સુખમાં ઓટ આવેલી અનુભવાય. અલબત્ત જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. ખોવાયેલી વસ્તુ અચાનક મળી જવા સંભવ છે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે મહેનત વધારવી અનિવાર્ય છે, ધીરજપૂર્વક કાર્ય કરવો હિતાવહ. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સાસરાપક્ષ તરફથી નાનો લાભ મળે. ભાઈ-બહેનના કાર્યમાં સફળતા મળે. આધ્યાત્મિક ક્ષેત્રે આ સમય દરમિયાન અભિરૂચી વધે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સમય દરમિયાન પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ રાખવો જરૂરી બને અન્યથા નુકશાની ભોગવવી પડે. પારિવારીક સુરક્ષા માટે જાગ્રુતિ કેળવવી હિતાવહ છે. વિરોધી વર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય, આર્થિક સમસ્યા હળવી બને પરંતુ નાણાંકીય રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ નકારી શકાય નહીં. જૂના રોકાયેલા નાણાં છૂટા થાય. માનસિક તનાવમાંથી સપ્તાહ ના અંતે મૂક્ત થઈ શકશો.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન નોકરીયાત વર્ગને અધિકારી વર્ગ સાથે વાદ-વિવાદ થાય. ધંધાદારી વર્ગને સમસ્યા રહે. રચનાત્મક કાર્યમાં પ્રગત્તિ થાય.જીવનસાથી સાથે મતભેદ રહે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. સ્વજનથી મનદુઃખ રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન વ્યવસાયિક લાભના પ્રયાસોમાં સફળતા મેળવી શકશો. જીવન સાથીના આરોગ્ય અંગે સાવચેતી રાખવી.

વિરોધી વર્ગથી સાવધ રહેવું. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. વાણી સંયમ જાળવવું અને કાર્યક્ષેત્રમાં રહેવું. જમીન-જાયદાદનો લગતા કાર્યમાં સફળતા મળતી જણાય. જીવનસાથી સાથે સમસ્યા ટળી શકશે.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન વ્યવસાયિક લાભના પ્રયાસોમાં સફળતા મેળવી શકશો. જીવનાસાથીના આરોગ્ય અંગે સાવચેતી રાખવી. મનમાં પ્રસન્નતા રહે. નાણાંકીય સંજોગો સુધરતા જણાય. ધીરજપૂર્વક કાર્ય કરતા રહેવાથી સફળતા મેળવી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મેળવી શકશો. વ્યર્થ પરેશાનીમાંથી મૂક્તિ મળે. આત્મવિશ્વાસમાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદ મળે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનની મનોકામના સિધ્ધ થાય. જૂના સંબંધો લાભ આપી જાય. કોઈ ગેરસમજના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખજો. કોઈ સંકટ દૂર થાય. નવા કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સંતાન વર્ગ અંગે ચિંતા રહે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી કે વડીલવર્ગના આરોગ્ય અંગે ચિંતા રહે. અનિચ્છનીય યાત્રા-મુસાફરી કરવી પડે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક કાર્યમાં બોજો ઘટે. મનમાં પ્રફુલિતતા રહે. વડીલવર્ગની સાહસિક કાર્યમાં મદદ મેળવી શકશો. નવિન યોજનાના આયોજનમાં સ્નેહિજનોની મદદ મળે. જીવનસાથી તરફથી અગત્યના કાર્યોમાં સહયોગ પ્રાપ્ત કરી શકશો. સામાજિક ક્ષેત્રે કાર્યમાં પ્રબળતા રહે. મોસાળ પક્ષ તરફથી અનેરો લાભ થાય. નાણાંકિય પરિસ્થિતિમાં ધરખમ સુધારો થતો જોવા મળે. આનંદ-પ્રમોદમાં વિશેષ લાભ રહે.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન મહત્વની બાબતો અંગે માનસિક ટેન્શન જણાય. આમ, વિશ્વાસ ડગી જાય મનની મુરાદ બર ન આવે. જો કે, જીવનસાથી તરફથી ભરપૂર સહયોગ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં અતિ વ્યસ્ત રહેવાય. અપયશના ભાગીદાર ન બનાય તેની સાવચેતી રાખશો. યાત્રા-પ્રવાસ દરમિયાન હાનિનો સંભવ છે જેથી બનો તેટલી સાવચેતી રાખવી અન્યથા તેના ગંભીર પરીણામો ભોગવવા પડે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સમય દરમિયાન મકાન-વાહન સંબંધિત ચિંતા દૂર થાય. સંપત્તિને લગતી સમસ્યાનો ઉકેલ મળે. પારિવારીક જવાબદારીમાં વધારો થતો જોવા મળે. તમારી અપેક્ષા પ્રમાણે આર્થિક લાભ મેળવી શકશો. નવા રોકાણ, નવા સાહસ, નવા કાર્યના પ્રારંભ કરવા માટે સાનુકૂળ સમય છે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય. વિરોધીવર્ગ પ્રબળ બને પરંતુ તેને ધારી સફળતા ન મળે. અનૈતિક કાર્યો તરફથી મન ખેંચાય પરંતુ એ પ્રકારના કાર્યોમાં સફળતા નહિંવત મળે તેથી ટાળવા હિતાવહ.

# વેરાવળ જાલેશ્વર ખાતે અકબરશાહબાબા ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા શહિદે-એ-આઝમ ઈમામ-એ-હશન(ર.અ.) અને અકબરશાહબાબા નિમિત્તે શાનદાર જલ્સાની ઉજવણી






(સાજીદ કાઠી ફોટો)

(પ્રતિનિધિ દ્વારા)
વેરાવળ તા.૧૧

વેરાવળનાં જાલેશ્વર ખાતે અકબરશાહબાબા ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા પીરે તરીકત પીર અબ્દુરહીમમીંયા કાદરી(મોરબીવાળા)ની ઉપસ્થિતિમાં શહિદે-એ-આઝમ ઈમામ-એ-હશન(ર.અ.) અને અકબરશાહબાબા પ્રસંગે ન્યાઝ અનેતકરીરનો શાનદારપ્રોગ્રામ રાખવામાં આવેલ હતો. તેમાં મોરબીવાળા બાપુએ તેમની જોશીલી અને અસરકારક વાણીથી તકરીર કરી હિન્દુ-મુશ્લીમનાં ભેદ-ભાવથી ઉપર રહી, પરસ્પર ભાઈચારો કેળવી, એકતા કાયમ રાખવા ઉપર ભાર મુકી ગરીબ નવાઝે આપેલા આદેશ મુજબ ગરીબો અને નિઃસહાય લોકોને મદદ કરવાની રાહે ચાલવા અપીલ કરેલ હતી. તેમજ તેઓ દ્વારા તમામ માટે દુઆઓ કરવામાં આવી હતી. ઉપરાંત ઉપસ્થિત તમામ શ્રોતાઓને આજના યુગમાં બાળકોને શિક્ષણ તરફ આગળ વધવા મોરબીવાળા બાપુએ અનુરોધ કર્યો હતો. ઉપરાંત પીરે તરીકત પીર અબ્દુરહીમમીંયા કાદરી (મોરબીવાળા)ના અધ્યક્ષપણા હેઠળ અકબરશાહબાબા ચેરીટેબલ ફાઉન્ડેશન નામે ટ્રસ્ટ ઉભુ કરવામાં આવેલ છે. જેનો રજીસ્ટર નંબર એફ/૪૩૪૪ છે જે જૂનાગઢ ખાતેથી રજીસ્ટર કરવામાં આવેલ છે.

આ ટ્રસ્ટનો મુખ્ય હેતુ નિઃસહાય, વિધવા અને ગરીબ લોકોની મદદ કરવાનો છે. જેના બેંક એકાઉન્ટની ડીટેલ આ પ્રમાણે છે. **AXIS BANK, A/C NO.** ૯૨૩૦૨૦૦૩૨૦૬૬૭૬૪ અને **IFSC UTIB**૦૦૦૦૨૫૨ છે. તો આપ પણ મદદ કરી પોતાનું અમુલ્ય યોગદાન આપી શકો છો. વધુ વિગત માટે મો.૮૪૬૯૯-૩૧૭૮૧ ઉપર સંપર્ક કરી વધુ માહિતી મેળવી શકો છો.

# કેશોદમાં ટ્રેન હડફેટે ચડતાં આશાસ્પદ યુવાનનું થયેલ મૃત્યું



(કમલેશ જોષી દ્વારા)
કેશોદ તા.૧૧

કેશોદના ચાર ચોક રેલ્વે ફાટક પાસે ગાંધીનગર સોસાયટી વિસ્તારમાં રેલ્વે લાઈન ઓળંગી રહેલાં આશાસ્પદ યુવાન જીવાભાઈ લાખાભાઈ ચાવડા ઉંમર વર્ષ ૩૦ ટ્રેન હડફેટે આવી જતાં ઈજાગ્રસ્ત હાલતમાં ફંગોળાઈ જઈ રેલ્વેલાઈન ઉપર પડી જતાં મોત નિપજયું હતું. કેશોદ સબ ડિસ્ટ્રીકટ સિવિલ હોસ્પિટલ ખાતે ૧૦૮ તાત્કાલિક એમ્બ્યુલન્સ સેવા મારફતે ખસેડવામાં આવ્યા હતાં. ફરજ ઉપરનાં મેડિકલ ઓફિસર દ્વારા મૃત્યુ પામેલા હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. કેશોદ પોલીસ અને રેલ્વે પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરી હતી. કેશોદના જ્ઞાનસરિતા શાળા પાસે બનેલી આકસ્મિક ઘટનામાં મૃત્યુ પામેલા યુવાન જીવાભાઈ લાખાભાઈ ચાવડા ધાર વિસ્તારમાં રહેતા હોય અને પોલીસ સ્ટેશન સામે મયુર માર્કેટ પાસે વડવાળા ચા ની હોટલ ચલાવતાં હોવાનું જાણવા મળ્યું છે. કેશોદના આશાસ્પદ યુવાન નું ટ્રેન હડફેટે ચડી જતાં આકસ્મિક મોત થતાં પરિવારજનો શોકાતુર બની ગયા હતા અને મૃતકના ત્રણ વર્ષના પુત્ર એ પિતાનું છત્રછાયા ગુમાવી દીધી છે. કેશોદના ચાર ચોક રેલ્વે ફાટક પાસે છાશવારે આકસ્મિક ઘટનાઓ બને છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા રેલીંગ લગાવવામાં આવે તો આકસ્મિક ઘટના બનતી અટકાવી શકાય તેમ છે.

# વડિયાની ભાગોળે આવેલા સાંકરોડા ગામલોકોના જન કલ્યાણ અર્થે મહારૂદ્ર મહા યજ્ઞ યોજાયો





તસ્વીર : કીરીટ જોટવા

## પવિત્ર શ્રાવણ માસમાં ત્રણ દિવસ સુધી મંત્રોચ્ચાર સાથે મહાદેવ ને યજ્ઞ રૂપી પ્રાર્થના કરાશે : અગિયાર કુંડ માં ૩૫ યુગલો આપી રહ્યા છે મંત્રોચ્ચાર સાથે આહુતિ : સાકરોળી નદીમાં બિરાજતા સાંકળેશ્વર મહાદેવ ના સાનિધ્ય માં ભજન, ભોજન અને ભક્તિનો અનોખો સંયોગ રચાયો

(પ્રતિનિધિ દ્વારા)
વડિયા તા.૧૧

અમરેલી જિલ્લાનું વડિયા તાલુકા મથક એ ત્રણ જિલ્લાની સરહદે આવેલું છે. તેથી જૂનાગઢના ભેસાણ વિસ્તારના લોકોનો વડિયા સાથે નજીકનો નાતો જોવા મળે છે. વડિયાની ભાગોળે આવેલા સંકરોળા ગામએ વિવિધતામાં એકતા રૂપી ઉત્કૃષ્ટ ઉદાહરણ આપતું ગામ છે તેમાં વિવિધ જાતિના લોકો હળીમળી ને ભાઈચારા સાથે ભેદભાવ વગર વસવાટ કરે છે. આ સાંકરોળા ગામની પાસેથી સાકરોળી નદી પસાર થાય છે આ નદીના પટમાં સાંકળેશ્વર મહાદેવ બિરાજમાન છે ચોમાસામાં આ મંદિર પાણીમાં ડૂબેલું હોવાથી સાંકરોળી નદીના નીર ચોવીસ કલાક મહાદેવનો જળાભિષેક કરતા જોવા મળે છે. ત્યારે સ્થાનિક લોકોની આસ્થાનું કેન્દ્ર આ મહાદેવનું મંદિર બનેલું છે. હાલ સાંકરોળા ગામજનો દ્વારા ગામલોકોના જન કલ્યાણ, ગામની સુઃખ શાંતિ અને એકતા અર્થે સાંકળેશ્વર મહાદેવના સાનિધ્યમાં મહારૂદ્ર મહા યજ્ઞ યોજવામાં આવ્યો છે. સતત ત્રણ દિવસ ચલનારા આ યજ્ઞમાં ભજન, ભોજન અને ભક્તિનો સમન્વય જોવા મળી રહ્યો છે. આ યજ્ઞમાં અગિયાર યજ્ઞકુંડમાં પાંત્રીસ દંપતીઓ મંત્રોચ્ચાર સાથે આહુતિ આપી ભગવાન ભોળાનાથને પ્રવિત્ર શ્રાવણ માસમાં પ્રાર્થના કરી રહ્યા છે. તો બીજી બાજુ વિશાળ સમિયાણામાં ગામલોકો દ્વારા ધૂનઅને ભજનની સરવાણી પણ વહેતી જોવા મળી રહી છે. તો રાત્રીના સમયે યુવાનો દ્વારા રાસની રમઝટ સાથે ભોજન પ્રસાદનું પણ ભવ્ય આયોજન કરવામાં આવતા સમગ્ર ગામજનો એક જ પગતે જમતા જોવા મળી રહ્યા છે. સાથે ધારાસભ્ય ભુપતભાઈ ભાયાણી સહીતના સ્થાનિક રાજકીય, સામાજિક આગેવાનો પણ આ કાર્યક્રમમાં હાજરી આપતા જોવા મળ્યા હતા. ગામની એકતા, સુખાકારી અને શાંતિ માટે યોજાયેલ આ મહાયજ્ઞને સફળ બનાવવા ગામના આગેવાનો સરપંચ ગીરીશભાઈ કથીરિયા, ઉપસરપંચ અશોકભાઈ વીંછી, બદરૂભાઈ વીંછી, રામભાઈ બસીયા, ભુપતભાઈ ડેર, બાબુભાઈ વીંછી, અતુલભાઈ વીંછી, ભીમજીભાઈ કોદારા, પરેશભાઈ કથીરિયા, ગોપાલભાઈ વઘાસીયા સહીતના આગેવાનો તનતોડ મહેનત કરી રહ્યા છે.

# માછીમારીની હોડીમાં વપરાતા હાઈસ્પીડ ડીઝલ ઉપર વેટ રાહત આપવાની યોજનામાં ટ્રીપવાર મળવાપાત્ર ડિઝલના જથ્થાની મર્યાદામાં વધારો કરાયો

## રાજ્ય સરકારના આ હકારાત્મક નિર્ણયથી માછીમારોને ખર્ચમાં રાહત મળતા તેમનું આર્થિક ભારણ ઘટશે અને ઉત્પાદન વધશેઃ મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલ

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૧૧

ગુજરાત ભારતનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય છે, અને એટલે જ ગુજરાતમાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રે પણ વિકાસની પુષ્કળ સંભાવનાઓ રહેલી છે. રાજયના માછીમારો દરિયો ખેડીને માછીમારીમાં સારૂ ઉત્પાદન મેળવી શકે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ માછીમારોના વ્યાપક હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. યાંત્રિક હોડીમાં (બોટમાં) વપરાતા હાઈસ્પીડ ડીઝલ ઉપર વેટ રાહત આપવાની યોજનામાં હોર્સપાવર દીઠ ટ્રીપવાર મળવાપાત્ર ડિઝલના જથ્થાની મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હેઠળના મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા હેઠળ માછીમારીની ૨૦ મીટરથી ઓછી લંબાઈ ધરાવતી યાંત્રિક હોડીમાં (બોટમાં) વપરાતા હાઈસ્પીડ ડીઝલ ઉપર ૧૦૦ ટકા વેટ રાહત આપવાની યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત માછીમારોને હોર્સપાવર દીઠ ટ્રીપવાર ડીઝલના જથ્થા ઉપર વેટ રાહત આપવામાં આવે છે.

હોર્સપાવર દીઠ ટ્રીપવાર મળવાપાત્ર ડીઝલના જથ્થાની મર્યાદામાં વધારો કરવા મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. મંત્રી રાઘવજી પટેલે આ સંદર્ભે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજયના માછીમારોને અગાઉ ૧ થી ૪૪ હોર્સપાવરની યાંત્રિક હોડીમાં ૨૫૦ લીટર ટ્રીપવાર મહત્તમ ડીઝલ અપાતું હતું, જેની મર્યાદા વધારીને ૩૦૦ લીટર કરાઈ છે. તેવી જ રીતે ૪૫ થી ૭૫ હોર્સપાવરની હોડીમાં ૫૦૦ લીટર ડિઝલના જથ્થામાં ૧૦૦ લીટરનો વધારો કરવામાં આવ્યો છે, જેથી ટ્રીપવાર ડીઝલના જથ્થાની મર્યાદા ૬૦૦ લીટર રહેશે. એ જ રીતે ૭૫ થી ૧૦૦ હોર્સપાવર તેમજ ૧૦૧થી વધુ હોર્સપાવરની હોડીના ડીઝલ જથ્થામાં ૨૦૦ લીટરનો વધારો કરી, ૪,૦૦૦ લીટરની જગ્યાએ નવો ટ્રીપવાર જથ્થો ૪૨૦૦ લીટર જથ્થો અપાશે. મંત્રી પટેલે ઉમેર્યું કે, મત્સ્યોદ્યોગ ખાતાના આ મહત્વપૂર્ણ નિર્ણયથી માછીમારો અને માછીમારી એસોસિએશનમાં આનંદની લાગણી છવાઈ જશે. અત્યારના સમયમાં માછીમારોએ માછીમારી માટે દરિયામાં ઘણા ઊંડે સુધી જવું પડતું હોય છે, અને એટલે જ તેમની ટ્રીપના દિવસોમાં પણ વધારો થયો છે. રાજ્યના વિવિધ માછીમારી એસોસિએશન દ્વારા જથ્થામાં વધારો કરવા અંગે મળેલી રજૂઆતોને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા આ હકારાત્મક નિર્ણય કરવામાં આવ્યો છે, જેથી રાજયમાં માછીમારીના ઉત્પાદનમાં ચોક્કસપણે વધારો તો થશે જ અને સાથે સાથે માછીમારોને માછીમારીમાં થતા ખર્ચમાં પણ રાહત મળતા તેમનું આર્થિક ભારણ ઘટશે.

# ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલની ચૂંટણીમાં સરકારી હોસ્પિટલ કેશોદના ફાર્માસિસ્ટ દિપેન અટારાએ ઉમેદવારી નોંધાવી



(કમલેશ જોષી દ્વારા)
કેશોદ તા.૧૧

કેશોદ દર પાંચ વર્ષે ફાર્મસી કાઉન્સિલ દ્વારા છ સભ્યોને ચૂંટવા માટે ચૂંટણીનું આયોજન કરવામાં આવે છે. ૨૦૨૩ માં રાજ્યના અંદાજે કુલ ૮૬,૦૦૦ જેટલા રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટ છે. જેમાંથી ૧૦૦ જેટલા ફાર્માસિસ્ટ મિત્રોએ ફાર્મસી કાઉન્સિલની ચૂંટણીમાં પોતાની ઉમેદવારી નોંધાવી છે. હાલ રાજય ફાર્મસી કાઉન્સિલની મતદાર યાદીમાં ૫૪ હજાર જેટલા રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટ છે. આ રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટ મિત્રો પોતાનું તેમજ ફાર્મસી પ્રોફેશન અને ફાર્માસિસ્ટ કેડરના વિકાસ અને ઉજળા ભવિષ્યનો દોર કયા ફાર્માસિસ્ટ મિત્રોના હાથમાં સોંપેછે તે તો આગામી ચૂંટણીના પરિણામો જ જણાવશે. જે કોઈપણ ફાર્માસિસ્ટ મિત્રો આવનારી ચૂંટણીમાં વિજેતા બનશે તેઓનો એક જ ઉદ્દેશ્ય હશે કે ફાર્મસી પ્રોફેશન અને ફાર્માસિસ્ટ કેડરનું સ્થાન કઈ રીતે વધારે સારું અને સન્માનિત કરી શકાય. તેમજ ફાર્મસીનો અભ્યાસક્રમ વૈશ્વિક સ્તરનો બનાવી અને ફાર્માસિસ્ટને નવી વર્લ્ડ કલાસ ટેકનોલોજી અને અભ્યાસક્રમ મળે તેવો જ અભિગમ હોવો જોઈએ. તેવી જ રીતે વિશ્વના વિકસિત દેશોની અંદર ફાર્માસિસ્ટનું જે એક આગવું સ્થાન છે તે મુજબ ભારતમાં પણ ફાર્મસી પ્રોફેશનનું એક આગવું સ્થાન અને ઈમેજ પ્રસ્થાપિત થાય તેવી કામગીરી અને પ્રયાસ આ ચૂંટણીના માધ્યમથી નિમણૂક પામનાર દરેક ફાર્માસિસ્ટનું મુખ્ય કાર્ય હોવું જોઈએ. સરકારી હોસ્પિટલ, કેશોદ ખાતે ફાર્માસિસ્ટ તરીકે ફરજ બજાવતા દીપેનભાઈ અટારાએ એમ.એન. કોલેજ ઓફ ફાર્મસી, ખંભાત ખાતેથી ફાર્મસીની ડિગ્રી ગુજરાત યુનિવર્સિટીમાંથી ૧૯૯૬ માં મેળવેલી છે. ત્યારબાદ ફાર્માસ્યુટિકલ કંપનીઓ આલ્કેમ લેબોરેટરી, એફડીસી લિ., યુએસવી લિ. જેવી કંપનીમાં માર્કેટિંગ કરેલુંછે. તેમજ આદિત્ય બિરલા નુવો લિમિટેડ ગ્રુપની ઈન્ડિયન રેયોનમાં મેડિકલ આસિસ્ટન્ટ તરીકે ત્રણ વર્ષ ફરજ બજાવેલ છે. ત્યારબાદ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેખિત અને મૌખિક પરીક્ષા પાસ કરી જેમાં કુલ ૨૦,૦૦૦ ઉમેદવારોમાંથી ૩૦ ફાર્માસિસ્ટને ફિક્સ પગારમાં રાજયની આરોગ્ય સંસ્થામાં નિમણૂક આપવામાં આવી હતી. દીપેનભાઈ અટારા ફાર્માસિસ્ટ તરીકે પોતાની ફરજ અને સેવાઓ હાલ સરકારી હોસ્પિટલ, કેશોદ ખાતે છેલ્લા ઘણા સમયથી દર્દીઓના હિત માટે બજાવી રહ્યા છે. તેમજ ફાર્માસિસ્ટ કેડર વિશે અવારનવાર સોશિયલ મીડિયાના માધ્યમથી તેમજ સામાજિક કાર્યક્રમની અંદર ફાર્માસિસ્ટ વિશે ચર્ચાઓ કરી લોકોમાં ફાર્મસી પ્રોફેશન અને ફાર્માસિસ્ટ કેડરની માહિતી વિશે લોકોને માહિતગાર કરતા રહે છે. તેઓ શ્રી જલારામ મંદિર કેશોદ ખાતે નેત્ર નિદાન કેમ્પમાં ઘણા સમયથી માનદ સેવાઓ આપે છે અને ત્યાં પણ ફાર્મસી પ્રોફેસન વિશે લોકોમાં જાગૃતતા ફેલાવે છે. ૨૦૧૫-૧૬ માં ગુજરાત રાજ્યના હેલ્થ ડિપાર્ટમેન્ટની હોસ્પિટલોમાં ફરજ બજાવતા ફાર્માસિસ્ટના પ્રશ્નોના નિરાકરણ માટે એક સંગઠન ધ ફેડરેશન ઓફ ગવર્મેન્ટ ફાર્માસિસ્ટ ગુજરાતની રચના કરવા માટે દીપેન અટારાએ ગુજરાતના જિલ્લાઓનો પ્રવાસ કરી રાજ્યના તમામ વિભાગના ફાર્માસિસ્ટોને એક નેજા હેઠળ સંગઠિત કરવા માટેનો એક સફળ પ્રયાસ અન્ય ફાર્માસિસ્ટ મિત્રો સાથે મળી કરેલો અને ટી.એફ.જી.પી. - ધ ફેડરેશન ઓફ ગવર્મેન્ટ ફાર્માસિસ્ટ, ગુજરાતની રચના કરી હતી. આમ ફાર્માસિસ્ટના સંગઠન અને ફાર્માસિસ્ટના પ્રશ્નોના નિરાકરણ માટે દિપેનભાઈ ઘણા વર્ષોથી ફાર્માસિસ્ટ કેડરના ઉજ્જ્વળ ભવિષ્ય માટે નિઃસ્વાર્થ કાર્ય કરી રહ્યા છે ત્યારે આગામી આવનારી ચૂંટણીમાં કાઉન્સિલના જે છ ઉમેદવારની પસંદગી ચૂંટણી દ્વારા કરવાની છે તેમાં આ વર્તમાન પત્રના જાહેરાતના માધ્યમથી દીપેન અટારા સર્વે ફાર્માસિસ્ટ મિત્રોને ફાર્મસી પ્રોફેશન અને ફાર્માસિસ્ટ કેડરના ઉજ્જ્વળ ભવિષ્ય માટે પોતાનો કીમતી મત દિપેન અટારાને આપવા માટે અપીલ કરે છે. ગુજરાત રાજયમાં ફાર્મસી પ્રેક્ટિસ રેગ્યુલેશન એક્ટ ૨૦૧૫ ના અમલીકરણ માટે તેમજ સરકારી હોસ્પિટલોમાં દર ૧૨૦ દર્દી દીઠ એક ફાર્માસિસ્ટનું મહેકમ તેમજ કેન્દ્ર સરકારના ધોરણે ફાર્માસિસ્ટને રૂા.૪,૨૦૦/- નો ગ્રેડ-પે તેમજ કોઈપણ ફાર્માસિસ્ટને રિટેલર, હોલસેલર, મેન્યુફેક્ચરર કે માર્કેટિંગમાં હોય કે કોઈપણ રીતે કોઈપણ ફાર્મસી વ્યવસાયમાં જોડાયેલા હોય તેવા કોઈપણ ફાર્માસિસ્ટ મિત્રના કોઈપણ પ્રશ્નોના હકારાત્મક નિરાકરણ માટે એમના પ્રશ્નોને વાચા આપવા અને માધ્યમ બનવા માટે ગુજરાતના તમામ ફાર્માસિસ્ટ મિત્રોને પોતાનો એક મત દિપેન અટારાને આપવા અપીલ કરે છે. તાજેતરમાં જ અટારાએ રાજયના આરોગ્ય વિભાગના ફાર્માસિસ્ટના ૨૬ જેટલા વર્ષો જૂના પડતર પ્રશ્નોની રજૂઆત ગુજરાત સરકારના માન. મુખ્યમંત્રી, આરોગ્યમંત્રી, કમિશનરને કરેલી છે. દિપેન અટારા જય જલારામ અને જય ફાર્માસિસ્ટના ટેગથી પણ ફાર્માસિસ્ટ મિત્રોમાં આગવી ઓળખ ધરાવે છે. ફાર્મસી કાઉન્સિલની ચૂંટણીનું પરિણામ તો સમય જ નક્કી કરશે પરંતુ આ ચૂંટણી કોઈ ફાર્માસિસ્ટ મિત્રને ટાર્ગેટ કર્યા વિના દરેક ફાર્માસિસ્ટ ઉમેદવાર માટે માત્ર ફાર્મસી પ્રોફેશન અને ફાર્માસિસ્ટ કેડરના સારા ભવિષ્ય માટેના વિઝનની હોવી જોઈએ તેવી આ તકે એક ખાસ અપીલ દિપેન અટારા તમામ ફાર્માસિસ્ટ ઉમેદવાર અને મતદાર ફાર્માસિસ્ટને કરે છે. ફાર્માસિસ્ટ કેડરનું ઉજ્જ્વળ ભવિષ્ય સંગઠિત રહેવાથી જ થશે.

# માંગરોળમાં જન્માષ્ટમીની ઉત્સાહ ભેર ઉજવણી : શહેરના અલગ અલગ વિસ્તારોમાં ૬૦ જેટલી મટકી ફોડાઇ









(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૧૧

માંગરોળમાં ભગવાન શ્રીકૃષ્ણનો ૫૨૫૦મી જન્મોત્સવની ઉત્સાહભેર ભવ્ય ઉજવણી પોલીસના ચુસ્તપણે બંદોબસ્ત સાથે કરવામાં આવી હતી. જન્માષ્ટમી ઉત્સવ સમિતિ આયોજીત મટકી ફોડ યુવાનો સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં માંગરોળના તમામ હિન્દુ સંગઠનો તેમજ બહોળી સંખ્યામાં ધર્મ પ્રેમી લોકો જોડાયા હતા. શોભાયાત્રામાં ડીજેના તાલ સાથે યુવાનો દ્વારા વાજતે ગાજતે સવારથી શ્રીરામ મંદિર ગાયચોગાનથી પ્રથમ મટકી ફોડી વિવિધ વિસ્તારમાં મટકી ફોડ કાર્યક્રમ યોજાયો હતો. લીમડા ચોક અને પોલીસ સ્ટેશન ખાતેની મટકીનું ખાસ અનેરૂ મહત્વ રહ્યું હતું. લીમડાચોકની મટકી શહેર ભાજપ પ્રમુખ લીનેશભાઈએ ફોડી હતી. અલગ અલગ વિસ્તારમાં બાંધેલી ૬૦ જેટલી મટકી ફોડવામા આવી હતી. આ શોભાયાત્રામા બાલ ગોપાલ કૃષ્ણના દર્શન કરી લોકોએ ધન્યાતા અનુભવી ત્યારે નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કીના નાદ સાથે સમગ્ર માંગરોળ નગર ગુંજી ઉઠયું હતું. માંગરોળ જન્માષ્ટમી ઉત્સવ સમિતિને ૫૦ વર્ષ પુર્ણ થતા તમામ યુવાનો દ્વારા ખુબજ ઉત્સાહભેર જોડાઈ કૃષ્ણ જન્માષ્ટમીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

# જૂનાગઢમાં જન્માષ્ટમી પર્વ નિમિત્તે નીકળેલ શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ શહેરમાં નીકળેલી જન્માષ્ટમીની આ શોભાયાત્રાનું કોમી એકતાનું પ્રતીક એવી કોમી એકતા રાષ્ટ્રિય એકતા સમિતિના બટુકભાઈ મકવાણા નેજા હેઠળ આ શોભાયાત્રાનું સર્કલ ચોક ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. જેમાં શોભા યાત્રા ઉપર પુષ્પો વરસાવી પુષ્પગુચ્છ અર્પણ કરી અનેરૂ સ્વાગત કરવામાં આવેલ આ તકે અશ્વિનભાઈ મણિયાર, જિશાન હાલેપોત્રા એડવોકેટ, મુનાબાપુ દાતાર વાલા, વહાબભાઈ કુરેશી, કેડી સગારકા, સમજુભાઈ સોલંકી, મહેબૂબભાઈ પંજા, પી.ડી. પુરોહિત, કોંગ્રેસ અગ્રણી સૈયદ અસદ બાપુ, હિરેનભાઈ મણિયાર, આયશાબેન, નિલોફરબેન, હાજીભાઈ ઠેબા, સોહેલ સિદીકી સહિતના હાજર રહેલ હતા.

# લિવરની નકલી દવાઓના ભારતમાં વેચાણ સામે ડબલ્યુએચઓની ચેતવણી

## આ નકલી ઉત્પાદન વિષે ભારતમાં અને તુર્કીમાં જાણવા મળ્યું, દવાઓ બહાર સપ્લાય કરવામાં તેઓએ નિયંત્રિત અને અધિકૃત ચેનલોનો ઉપયોગ કર્યો, ડિફિબ્રોટાઇડ સોડિયમના નકલી બેચના સંદર્ભમાં ડબલ્યુએચઓની ચેતવણી




નવી દિલ્હી, તા.૬

વર્લ્ડહેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) એ સોમવારે એલર્ટ જારી કરીને કહ્યું કે ભારત અને તુર્કીના બજારોમાં નકલી લીવરની દવાઓ વેચાઈ રહી છે. યુનાઈટેડ નેશન્સ ગ્લોબલ બોડી અને ડબલ્યુએચઓ એ લોકોને નકલી દવા- ડેફિટેલિયો (ડિફિબ્રોટાઈડ) સામે ચેતવણી આપી છે. ડબલ્યુએચઓ દ્વારા આપવામાં આવેલી ચેતવણીમાં લખ્યું છે કે, "આ ડબલ્યુએચઓ મેડિકલ પ્રોડક્ટ એલર્ટ ડેફિટેલિઓ (ડિફિબ્રોટાઈડ સોડિયમ)ના નકલી બેચના સંદર્ભમાં છે. "આ નકલી ઉત્પાદન વિષે ભારતમાં (એપ્રિલ ૨૦૨૩) અને તુર્કી (જુલાઈ ૨૦૨૩)માં જાણવા મળ્યું હતું.દવાઓ બહાર સપ્લાય કરવામાં તેઓએ નિયંત્રિત અને અધિકૃત ચેનલોનો ઉપયોગ કર્યો હતો. ડબલ્યુએચઓ એ જણાવ્યું છે કે આ દવાનો ઉપયોગ હિમેટોપોએટીક સ્ટેમ-સેલ ટ્રાન્સપ્લાન્ટેશન (એચએસસીટી) ઉપચારમાં ગંભીર હેપેટિક વેનો-ઓક્લુઝિવ ડિસીઝ (વીઓડી) ની સારવાર માટે થાય છે, જેને સાઈનસસોિડયલ ઓબ્સટ્રક્ટિવ સિન્ડ્રોમ (એસઓએસ) તરીકે પણ ઓળખવામાં આવે છે. તેનો ઉપયોગ પુખ્ત વયના, કિશોરો, બાળકો અને એક મહિનાથી વધુ ઉંમરના શિશુઓની સારવાર માટે પણ થાય છે. વીઓડીએ એવી સ્થિતિ છે કે જેમાં લીવરની નસો બ્લોક થઈ જાય છે અને અંગને યોગ્ય રીતે કામ કરતા અટકાવે છે. યુએન હેલ્થ બોડી અનુસાર, ડેફિટેલિયોના ઉત્પાદક એ વાતને સમર્થન આપે છે કે ચેતવણીમાં ઉલ્લેખિત ઉત્પાદન નકલી છે. ડબલ્યુએચઓ એ આ દવાના વાસ્તવિક ઉત્પાદકના સંસ્કરણને પણ ટાંક્યું છે. કંપનીએ જણાવ્યું છે કે લોટ ૨૦જી૨૦એ સાથે અસલી ડેફિટેલિયો જર્મન/ ઓસ્ટ્રિયન પેકેજિંગમાં પેક કરવામાં આવે છે, જ્યારે નકલી ઉત્પાદનનું પેકેજિંગ યુકે/ આયર્લેન્ડનું છે. કંપનીએ એ પણ ધ્યાન દોર્યું છે કે દવાના રેપર પર દર્શાવેલ એક્સપાયરી ડેટ પણ ખોટી છે અને તે રજિસ્ટર્ડ શેલ્ફ લાઈફનું પાલન કરતી નથી. વધુમાં, નકલી દવાઓની સંખ્યા બેચ ૨૦જી૨૦એ સાથે સંબંધિત નથી. કંપનીએ એ પણ કહ્યું છે કે તેની પાસે ભારત અને તુર્કીમાં આ દવાનું માર્કેટિંગ કરવાનો અધિકાર નથી. આ પહેલીવાર નથી જ્યારે ડબલ્યુએચઓએ આ દવા વિરુદ્ધ એલર્ટ જાહેર કર્યું હોય. અગાઉ ૭ મે, ૨૦૨૦ના રોજ પણ ડબલ્યુએચઓએ કહ્યું હતું કે આ નકલી દવા આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, લાતવિયા, મલેશિયા અને સાઉદી અરેબિયા જેવા દેશોમાં વેચાઈ રહી છે.

# ટપાલ વિભાગના કર્મીએ ૧૦૦ અમેરિકનનું કરોડોનું કરી નાખ્યું

## અમેરિકામાં પોસ્ટલ સર્વિસમાં કામ કરતા શખસે ૯૮ ચેક સાથે ચેડા કરી કરોડો રૂપિયા પોતાના બેક્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દીધા હતા, લોકોના ચેક ચોરી પોતાનું એકાઉન્ટ ભર્યું



નવી દિલ્હી, તા.૧૧

અમેરિકામાં પોસ્ટલ સર્વિસ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા કર્મચારીએ અંદાજે ૧૪ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી નાખી છે. ઉલ્લેખનીય છે કે આ કર્મચારીએ ટપાલ વિભાગના જે ચેક હતા તે ચોરીને એક એક કરી પોતાના બેક્ક એકાઉન્ટમાં જમા કરાવવાનું શરૂ કર્યું હતું. નોંધનીય છે કે એક રૂટિન ચેકિંગ દરમિયાન લોકોના નાણા છૂ થઈ ગયા હોવાની ઘટના સામે આવતા છેતરપિંડીની ફરિયાદ નોંધવામાં આવી હતી. પોલીસે તપાસ કરી તો બે ઘડી તો બધા વિચારતા રહી ગયા અને આ કર્મચારીએ જે પ્રમાણે ષડયંત્ર રચી રૂપિયા પડાવ્યા હતા તે જોતા રહી ગયા હતા. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ કર્મચારીએ ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૦ના દિવસથી ફ્રેન્ડશિપ પોસ્ટ ઓફિસ સ્ટેશન પર યૂએસપીએસ માટે પોસ્ટ સપ્લાયર તરીકે કામ કરવાનું શરૂ કર્યું હતું. તેણે ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ સુધી અહીં કામ કર્યું અને આ દરમિયાન ધીમે ધીમે કરીને કુલ ૯૮ ચેક પોતાના બેક્ક એકાઉન્ટમા જમા કરાવી લીધા હતા. અત્યારસુધી તેણે લગભગ ૧૪ કરોડથી વધુની રકમ પોતાના બેક્ક એકાઉન્ટમાં જમા કરાવી દેતા હોબાળો મચી ગયો હતો. નોંધનીય છે કે આ દરમિયાન પોસ્ટ ઓફિસના કર્મચારીએ લોકોના બેક્ક એકાઉન્ટમાંથી રૂપિયાની ચોરી કરી પોતાનું ખાતુ ભર્યું હતું. સિવિલ કોર્ટે જણાવ્યું કે એકબેક્ક એકાઉન્ટથી ચાર લાખ ડોલરથી વધુની રકમ જપ્ત કરાઈ છે. અનુમાન લગાવાઈ રહ્યું છે કે આ બેક્ક આઉન્ટ પણ પોસ્ટલ સર્વિસ ડિપાર્ટમેન્ટના અધિકારીનું છે. તેણે કૌભાંડ કરીને ૧૪ કરોડ રૂપિયાથી વધુની રકમ પચાવી પાડી અને એક એક કરીને ચેકમાં ચેડા કરી પોતાનું નામ છાપી એકાઉન્ટમાં જમા કરાવી હતી.

આવું તે ૧૩ ડિસેમ્બર ૨૦૨૧ સુધી કરતો રહ્યો હતો. પોલીસ અધિકારીના જણાવ્યા પ્રમાણે આ કર્મચારીએ અમેરિકન ટ્રેઝરીથી ચેકમાં ફેરફાર કર્યો અને મોબાઈલ એપ્લિકેશન વડે પોતાનું નામ એડ ઓન કરી રૂપિયા સીધા ટ્રાન્સફર કરી દીધા હતા. ૨૯એ એક સર્ચ વોરન્ટ જાહેર કરાયા બાદ તપાસકર્તાઓએ ઓલ્ની, મેરીલેન્ડમાં એક બેક્ક એકાઉન્ટમા જમા થયેલા ૩ કરોડ રૂપિયાથી વધુની રિસિપ શોધી કાઢી હતી. ઉલ્લેખનીય છે કે લોકોને લાગી રહ્યું હતું કે તેમના રૂપિયા જે છે તે પોસ્ટલ સર્વિસ થકી જ ટ્રાન્સફર થઈ રહ્યા છે. જમા થઈ રહ્યા છે પરંતુ આમ ન થયું અને એક દિવસ ગ્રાહકે ફરિયાદ કરી કે મારા રૂપિયા ગયા ક્યાં છે. જોતજોતામાં આ અંગે વધુ તપાસ થઈ તો પોસ્ટલ સર્વિસમાં કામ કરતા કર્મચારી પર શંકા ગઈ. પોલીસે ત્યારપછી એના બેક્ક એકાઉન્ટના ટ્રાન્ઝેક્શન જોયા અને સીસીટીવી ફૂટેજના આધારે તેણે છેલ્લા ઘણા સમયમાં હજારો ડોલર એટલે કે લાખો રૂપિયા છૂમંતરમાંથી ઉપાડ્યા હોવાનું સામે આવ્યું હતું. આ સમગ્ર શોધખોળ દરમિયાન પુરાવા સાથે ચેડા ન થાય એથી કરીને આ કર્મચારીને જાણ પણ ન થાય એ રીતે રજા પર મોકલી દેવાયો હતો. જેથી કરીને રાતો રાત તે કોઈપણ ડેટા ડિલિટ ન કરી શકે. ત્યારપછી પોલીસે અટકાયત કરી વધુ તપાસ અત્યારે હાથ ધરી દીધી છે. જેમાં ૯૮થી વધુ ચેક તેણે આ પ્રમાણે ચોરી કર્યા હોવાનો બનાવ સામે આવ્યો છે.

# ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ERP સિસ્ટમનું અસરકારક અમલીકરણ

## 'ગરવી-ગુર્જરી'માં ERP સિસ્ટમ: ૩.૧૧ લાખથી વધુ ચીજ-વસ્તુઓનું કરાયું બારકોડિંગ, ચાલુ વર્ષે રૂા.. ૨૫ કરોડના વેચાણનું લક્ષ્ય





(જી.એન.એસ),

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકળા વિકાસ નિગમે એન્ટરપ્રાઈઝ રિસોર્સ પ્લાનિંગ (ERP) સિસ્ટમનું સફળ અમલીકરણ કર્યું છે. નિગમના વેચાણ કેન્દ્રો એટલે કે ગરવી-ગુર્જરી એમ્પોરિયમમાં (ERP) સિસ્ટમ કાર્યાન્વિત થતાં હસ્તકલા-હાથશાળ કારીગરો દ્વારા ઉત્પાદિત ચીજ-વસ્તુઓના બારકોડિંગની કામગીરી હાથ ધરાઈ છે. આ સાથે જ હવે નિગમ માટે ગરવી-ગુર્જરીમાં વેચાણ થતા માલ-સામાનનું ટ્રેકિંગ તથા માંગમાં રહેલી એટલે કે ડિમાંડિંગ આઈટમની ઓળખ કરવાનું કામ સરળ બની ગયું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તમામ દેશવાસીઓને સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપવા માટે 'વોકલ ફોર લોકલ' નું આહ્વાન કરી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર પણ સ્થાનિક કારીગરો અને કસબીઓની કલાકૃતિઓના વેચાણને પ્રોત્સાહન મળે તે માટે પ્રયત્નશીલ છે, ત્યારે આ (ERP) સિસ્ટમના અમલીકરણથી રાજ્યના કારીગરોને ઘણો ફાયદો થઈ રહ્યો છે. તાજેતરમાં જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIM) ના પાંચ યુવાનો સાથે મીટિંગ પણ કરી હતી, જેઓ રાજ્ય સરકારના ઉપક્રમ ગરવી ગુર્જરી એમ્પોરિયમના રિબ્રાન્ડિંગ અને રિપોઝિશનિંગ પ્રોજેક્ટમાં સહયોગ કરશે.

નિગમના વહીવટી સંચાલક (એમડી) શ્રી લલિત નારાયણ સિંહ સાંદુએ જણાવ્યું કે નિગમ સંચાલિત ગરવી ગુર્જરીમાં ઈઈ સિસ્ટમનું અમલીકરણ થતાં ઉત્પાદનોના રિબ્રાન્ડિંગ તથા રિપૉઝિશનિંગનું કામ સરળ બન્યું છે. (ERP)ના અમલીકરણથી ગરવી ગુર્જરીની કામગીરીમાં નોંધપાત્ર પરિવર્તન આવવાં લાગ્યા છે. નવી (ERP) સિસ્ટમ દ્વારા નિગમની ચીજ-વસ્તુઓની યાદીના સંચાલનમાં સરળતા અને યાદીના સંગ્રહમાં સમયનો બચાવ થવાથી કામગીરી ઝડપી બની અને બિનકાર્યક્ષમતા દૂર થઈ છે. શરૂઆતમાં નિગમના ૨૦ એમ્પોરિયમ અને ૬ ટીસીપીસીમાં હયાત ૩,૧૧,૪૧૩ ચીજ-વસ્તુઓને બારકોડેડ સજ્જ કરવામાં આવી. નિગમના તમામ એમ્પોરીયમમાં અન્ય ચીજ-વસ્તુઓ પણ ઉપલબ્ધ છે, જેમાં કુલ ૩,૧૧,૪૧૩ બારકોડેડ ચીજ-વસ્તુઓ અને કુલ ૨૧,૫૦૭ ઉપલબ્ધ છે. સામાનનું બારકોડિંગ થવાથી એ બાબતની આગોતરી માહિતી મળી રહે છે કે સંબંધિત સામાનની કેટલી માંગ છે, કેટલું વેચાણ છે અને તેના આધારે તેના ઉત્પાદન તથા સંગ્રહનો નિર્ણય કરવામાં મદદ મળે છે.

ગરવી ગુર્જરી થકી ચાલુ વર્ષે વેચાણ રૂા.૨૫ કરોડ સુધી લઈ જવાનું લક્ષ્ય

(ERP) સિસ્ટમ દ્વારા ડેટા એનાલિસિસ કરાતાં આવનાર સમયમાં જે ચીજ-વસ્તુઓનું વેચાણ વધુ થવાનું હોય, તેનું સચોટ અનુમાન લગાવી શકાય છે, તેમજ બિનજરૂરી ચીજ-વસ્તુ કે જેનું વેચાણ ખૂબ જ નહીવત્ છે તેનો વધુ સંગ્રહ નિવારી શકાય છે. આ સિસ્ટમ થકી નિગમને ડિમાંડિંગ આઈટમોની ઓળખ કરવામાં અનુકૂળતા મળી છે. હાલમાં ડિમાંડિંગ આઈટમ તરીકે સાડી, દુપટ્ટો, બેડશીટ, હોમ ડેકોર જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે. નિગમે ગરવી-ગુર્જરી થકી ગત વર્ષે રૂ.૧૩ કરોડનું વેચાણ કર્યુ છે કે જેને ચાલુ વર્ષે રૂા. ૨૫ કરોડ પર લઈ જવાનું લક્ષ્ય છે.

સુવ્યવસ્થિત ઉત્પાદન તથા માહિતી આધારિત નિર્ણયઃ-

(ERP) સિસ્ટમ થકી ડેટા એનાલિસિસ કરી આવનારા સમયમાં જરૂર પડનારી ચીજ-વસ્તુઓનું ઉત્પાદન આગોતરું કરી શકાય છે અને ચીજ-વસ્તુઓના વેચાણમાં વધારો કરી નિગમની આર્થિક સદ્ધરતા હાંસલ કરી શકાય છે, જેના પરિણામે અવ્યવસ્થિત કાર્યપ્રવાહ અને લઘુત્તમ ઉત્પાદનના અવરોધો દૂર થાય છે.

ઉન્નત ગ્રાહક સેવાઃ-

(ERP) સિસ્ટમ નિગમની ખરીદીની સંપૂર્ણ માહિતી અને નિગમના એમ્પોરિયમ સાથે કેન્દ્રીયકૃત સંદેશાની આપ-લેથી દ્વારા ગ્રાહકો સાથેના સબંધ વધુ સક્ષમ કરે છે. ભવિષ્યમાં આ સિસ્ટમ ગ્રાહકોની વ્યક્તિગત પ્રતિક્રિયાઓ અને સુધારેલ ગ્રાહક સંતોષમાં પરિવર્તન લાવી શકે તેમ છે. (ERP) સિસ્ટમ નિગમના એમ્પોરિયમ સુધી કામ કરી રહી છે. જે દરેક એમ્પોરિયમની કામગીરી તથા સૌથી વધુ વેચાણની ચીજ-વસ્તુઓ અને સૌથી ઓછા વેચાણની ચીજ-વસ્તુઓની વિગતોથી માહિતગાર કરે છે. આ માહિતીથી સજ્જ સિસ્ટમ નિગમના સ્ટોર વિશ્લેષણની વ્યૂહરચના બનાવી શકે છે, ઉત્પાદિત જથ્થાની ભરપાઈ માટે માહિતી આધારિત નિર્ણયો લઈ શકે છે અને અંતે વેચાણમાં વધારો કરી શકે છે.

TCPC સ્તરે, ERP સિસ્ટમનો પ્રભાવ ખૂબ મહત્વ ધરાવે છે તેમજ ચીજ-વસ્તુઓની ખરીદી માટે ખરીદ રેકૉર્ડને ટ્રેક કરવા, યાદી સંચાલનને વધુ સારુ બનાવવા તેમજ ખરીદી જાણકારના નિર્ણયો માટે એક વ્યાપક ડિજિટલ વ્યવસ્થાની જોગવાઈ કરી છે. TCPC સ્તર પર ERP ડેશબોર્ડ ઉત્પાદન વિગતો, પ્રાપ્તિ વિગતો, સામગ્રીની વિગતો અને કારીગરોની માહિતી જેવી મહત્વપૂર્ણ સુવિધાઓથી સજ્જ છે. પ્રશાંત સી. તથા મૌલિક પટેલની મહત્વની ભૂમિકા

લલિત નારાયણ સિંહ સાંદુએ જણાવ્યું કે ERPના અસરકારક અમલીકરણમા IIM બેંગલુરુના ઈન્ટર્ન પ્રશાંત સી. તથા નિગમના આસિસ્ટન્ટ મૅનેજર મૌલિક પટેલની મહત્વની ભૂમિકા રહી છે. પ્રશાંતે એન્જીનિયરિંગ-પ્રોડક્શન ક્ષેત્રની વૈશ્વિક કંપની એલ્સ્ટોમમાં પોતાના કાર્યકાળના અનુભવનો ઉપયોગ ગરવી-ગુર્જરીમાં ERP સિસ્ટમ લાગુ કરવામાં કર્યો. તેમનો એક્સપોઝર ગેમ ચેન્જર સાબિત થયો. તેવી જ રીતે મૌલિક પટેલના નેતૃત્વ હેઠળ ગરવી-ગુર્જરી ટીમમાં પરંપરાગત પદ્ધતિઓમાંથી ટેક્નોલૉજી સાથે સજ્જ માળખા તરફ જવાનો માર્ગ મોકળો થયો.

# ઉનામાં ઓમકારેશ્વર મહાદેવ મંદિરે પૂજા



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૧૧

ઉના શહેરમાં ત્રિકોણ બાગ પાસે આવેલ સૂર્ય મુખી હનુમાન મંદિરના સંકુલમાં આવેલ વરસો જુનું ઓમ કારેશ્વર મહાદેવનું શિવ મંદિર લોકોના આસ્થાનું પ્રતિક આવેલ છે. ત્યાં શ્રાવણ માસ નિમિત્તે મંદિરના પૂજારી મહેશભાઈ જોશીએ ભકતોના સહકારથી ઘીની મહાપૂજા યોજવામાં આવી હતી અને સાંજે દીપ માળા અને મહા આરતી યોજાઈ હતી. મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લઈ ધન્ય થયા હતા.

# એબીઝેડઓ મોટર્સ દ્વારા ગુજરાતમાં એબીઝેડઓ વીએસ૦૧ નામની ઈલેક્ટ્રીક મોટરસાઈકલ લોન્ચ કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૧

અમદાવાદમાં પોતાનું વડું મથક ધરાવતી ઈલેક્ટ્રીક ઓટોમોબાઈલની ઉત્પાદનમાં એબીઝેડઓ મોટર્સે ગુજરાતમાં આ પ્રકારની તેની સૌપ્રથમ ઈલેક્ટ્રીક મોટરસાઈકલ (ઈ-બાઈક) એબીઝેડઓ વીએસ૦૧ને લોન્ચ કરવાની જાહેરાત કરી હતી. ઈ-બાઈકને હાલમાં એક વેરિયન્ટમાં લોન્ચ કરવામાં આવી છે અને તેની કિંમત લગભગ રૂા.૧.૮ લાખથી રૂા.૨.૨૨ લાખ સુધીની રહેશે. એબીઝેડઓ વીએસ૦૧માં ૭૨ વી ૭૦એએચની લિથિયમ-આયન બેટરી હશે. જે આ ઈ-બાઈકને સંપુર્ણપણે ચાર્જ કરવા ઉપર ૧૮૦ કિલોમીટરની માઈલેજ આપશે. આ ઈ-બાઈક ઉત્તમ કાર્યક્ષમતા માટે ૪૫ કિમી પ્રતિ કલાક ૬૫ કિમી પ્રતિ કલાક અને ૮૫ કિમી પ્રતિ કલાક એમ અલગ-અલગ સ્પીડ ઉપર અનુક્રમે ત્રણ મોડમાં ચાલે છે. ઈકો, નોર્મલ અને સ્પોર્ટસ. એબીઝેડઓ મોટર્સે સહસ્થાપક કાંચી પટેલએ જણાવ્યું હતું કે, અમારી સૌપ્રથમ ઈ-બાઈક વીએસ ૦૧ને લોન્ચ કરીને અમને અનહદ આનંદ થઈ રહ્યો છે. ઈલેક્ટ્રીક બાઈકસ એ ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીનું ભવિષ્ય છે અને ગુજારત ટુવ્હીલર્સ અને ફોર વ્હીલર્સ સહિત ઈલેક્ટ્રીક વાહનોના ઉત્પાદનના હબ તરીકે ઉભરી રહ્યું છે. આથી અમારૂ હોમ ગ્રાઉન્ડ ગુજરાત એક સહજ પસંદગી હોય તે સ્વાભાવિક છે. એબીઝેડઓ ઈ-બાઈકસને ડીલરોના નેટવર્ક મારફતે સમગ્ર ભારતમાં તબક્કાવાર રીતે લોન્ચ કરવામાં આવશે. અમારો ઉદ્દેશ્ય ગુજરાતમાં અમારી ઉપસ્થિતિને વિસ્તારવાનો તથા બાઈકની બીજી કેટેગરી સ્ટાન્ડર્ડ બાઈક સહિત વધુને વધુ ઉત્પાદનો ઉમેરી અમારી પ્રોડકટ લાઈનનું વૈવિધ્યકરણ કરવાનો છે. આ ઈ-બાઈક ઓટોમોબાઈલ રીસર્ચ એસોસિએશ ઓફ ઈન્ડિયા દ્વારા પ્રમાણિત છે.

જે તેની ગુણવત્તાના સર્વોચ્ચ સ્તરના ધોરણોનો પુરાવો છે. વર્ષ ૨૦૧૯માં સ્થપાયેલી એબીઝેડઓ મોટર્સે તેના નવા ઉત્પાદનોના સંશોધન અને વિકાસમાં ઘણું મોટું રોકાણ કર્યું છે. આજે આ કંપની અમદાવાદના છેવાડે આવેલા રંગપુરડા ખાતે કડી થોળ રોડ ઉપર પોતાનો મેન્યુફેકચરિંગ પ્લાન્ટ ધરાવે છે. જે ૧૭,૦૬૯ ચોરસ મીટરમાં ફેલાયેલો છે. આ પ્લાન્ટ એસેમ્બલી લાઈન તથા વાહન ફોર્સ ટોર્ક અને પાવરનું પરીક્ષણ કરવા માટે ટેસ્ટિંગની સુવિધા પણ ધરાવે છે. એબીઝેડઓ મોટર્સનો મેન્યુફેકચરિંગ પ્લાન્ટ પ્રથમ વર્ષે ૯,૦૦૦ યુનિટની ઉત્પાદન ક્ષમતા સાથે તેની કામગીરી આરંભશે. જેના પછી બીજા વર્ષે ૧૫૦૦૦ યુનિટ, ત્રીજા વર્ષે ૨૪૦૦૦ યુનિટ, ચોથા વર્ષે ૪૦૦૦૦ યુનિટ અને પાંચમાં વર્ષે ૬૦૦૦૦ યુનિટ સુધીનું વિસ્તરણ કરવાનું આયોજન છે.

